

વસ્તુસ્વભાવને ઉલ્લાસ અને મહિમાપૂર્વક વિચારતાં વિચારતાં એ જ્યાં જ્ઞાનસ્વભાવના ઊંડા માહાત્મ્યમાં જાય છે ત્યાં એને આત્માનો અનુભવ થાય છે.

—પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૭ * (૫૧૯) * આત્મધર્મ * (અંક-૭ વર્ષ-૪૩) * વીર સં. ૨૫૧૩ જાન્યુઆરી, ૧૯૮૭

# આગમ મહાસાગરનાં અણુમૂલાં રત્નો

(૧) જિનાગમમાં જે જીવાદિક પદાર્થોનું સ્વરૂપ કહ્યું છે તે પ્રમાણ તથા નયથી અવિરૂદ્ધ છે તથા જીવાદિકના સ્વરૂપનું કથન આત્મસુખનું કારણ હોવાથી અમૃત તુલ્ય છે. આવા જિનાગમની પ્રાપ્તિ મને પૂર્વે કદિ થઈ ન હતી. આ મને અપૂર્વ લાભ થયો છે. આ જિનાગમ સુગતિનો માર્ગ હોવાથી મેં સ્વીકારેલ છે. તેના આશ્રયથી મારો મરણભય દૂર થઈ ગયો છે. હવે હું મરણથી ડરતો નથી.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, બૃહત્પ્રત્યાખ્યાન સંસ્તર સ્તવ અધિકાર, ગાથા–૯૫)

(૨) જેવી રીતે સહકારિતા સાથે ઘડો કરતો હોવા છતાં પણ કુંભાર કદિ ઘડારૂપ થતો નથી, તેવી જ રીતે સહકારિતા સાથે કષાયાદિ કરવા છતાં પણ આ જીવ કદી કષાયાદિરૂપ થતો નથી.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક ૫૭–૫૮)

(૩) કેટલાય મનુષ્યો સદા મહાન શાસ્ત્ર-સમૂહમાં પરિભ્રમણ કરતાં હોવા છતાં પણ—અર્થાત્ અનેક શાસ્ત્રોનું પરિશીલન કરતાં હોવા છતાં તે ઉત્કૃષ્ટ આત્મતત્ત્વને લાકડામાં શક્તિરૂપે વિદ્યમાન અગ્નિ સમાન જાણતાં નથી. (શ્રી પદ્મનંદી આચાર્ય, એકત્વ સપ્તતિ, શ્લોક–૫)

(૪) મારું મરણ નથી તો મને ડર કોનો? મને વ્યાધિ નથી તો મને પીડા કેવી? હું બાળક નથી, હું વૃદ્ધ નથી, હું યુવાન નથી. એ સર્વ અવસ્થાઓ પુદ્ગલની છે.

(શ્રી પૂજ્યપાદ આચાર્ય, ઇષ્ટ-ઉપદેશ, ગાથા–૨૯)

(૫) જેમ સુવર્ણ-પાષાણમાંથી સુવર્ણ, મળથી વસ્ત્ર, સુવર્ણથી તાંબુ-રૂપુ વિગેરે, લોઢામાંથી અગ્નિ, શેરડીમાંથી રસ, કાદવથી જળ, મોરપીછથી ત્રાંબુ, તલ આદિમાંથી તેલ, તાંબા વિગેરે ધાતુમાંથી ચાંદી અને દૂધથી પાણી અને ઘી આ લોકમાં ખરેખર જુદા કરાય છે તેમ જ્ઞાની વડે શરીરથી આત્માને ભિન્ન કરાય છે.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય–૮, શ્લોક–૨)

કહાન
સંવત-૭
વર્ષ-૪૩
અંક-૭
[ ૫૧૯ ]




વીર
સંવત
૨૫૧૩
A. D. 1987
JAN.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ॐ ધ્યાનાગ્નિ દ્વારા સિદ્ધિની પ્રાપ્તિ ॐ

( શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન )

( પ્રવચન નં. ૧ )

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર શરૂ થાય છે. શાસ્ત્રમાં બે ટીકા આપેલી છે. અહીં શ્રી બ્રહ્મદેવકૃત ટીકાનો પ્રથમ કળશ શરૂ કરીએ છીએ.

चिदानन्दैकरुपाय जिनाय परमात्मने ।
परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः ॥१॥

આ શ્લોકનો અર્થ કરતાં પહેલાં પંડિત દૌલતરામજીકૃત ભાષાટીકાનું મંગલાચરણ લીધું છે.

चिदानन्द चिद्रुप जो, जिन परमातम देव,
मिद्धरूप सुविशुद्ध जो, नमो ताहिं करि सेव. १.
परमातम निजवस्तु जो, गुण अनंतमय शुद्ध,
ताहि प्रकाशनके निमित्त वंदूं देव प्रबुद्ध. २.

જ્ઞાનાનંદ સ્વરૂપ જે વીતરાગી પરમાત્મા—જેમની દશા શુદ્ધરૂપ અને સુવિશુદ્ધ છે, તેવા પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ખરેખર તો જેવા પરમાત્મા છે તેવી જ મારી નિજવસ્તુ છે. એક સમયની રાગ-દ્વેષરૂપ પર્યાયને ગૌણ કરીએ તો મારું દ્રવ્ય પરમાત્મા સમાન જ છે, મારા અનંત ગુણો પણ શુદ્ધ છે. મારા શુદ્ધસ્વરૂપના પ્રકાશન માટે હું પરમાત્મદશા પામેલાં પ્રબુદ્ધ દેવને નમસ્કાર કરું છું. આ મંગલાચરણ થયું.

હવે બ્રહ્મદેવકૃત પ્રથમ શ્લોકનો અર્થ કરે છે કે શ્રી જિનેશ્વરદેવ આનંદરૂપ, શુદ્ધપરમાત્મા ચિદાનંદ ચિદ્રૂપ છે. તેમને મારા સદાકાળ નમસ્કાર હો. મારે માટે તે પરમાત્મા જ ત્રણેકાળ આદરણીય છે, વંદનીય છે અને તેમની જેવી પૂર્ણ દશા પ્રાપ્ત કરવાલાયક છે માટે હું અંતરમાં પરમાત્મદશાનો પ્રકાશ કરવા માટે અને બહારમાં આ 'પરમાત્મપ્રકાશ' ગ્રંથના પ્રકાશન માટે સિદ્ધરૂપ પરમાત્માને નમસ્કાર કરું છું.

ભગવાન કેવા છે?—કે શુદ્ધ પરમાત્મસ્વરૂપના પ્રકાશક છે. નિજ અને પરના સ્વરૂપને પ્રકાશનારા છે, જેનો આત્મા કૃતકૃત્ય છે જેને પૂર્ણાનંદની પ્રાપ્તિ સિદ્ધ થઈ છે એવા પરમાત્માને નમસ્કાર કરીને 'પરમાત્મપ્રકાશ' ગ્રંથનું વ્યાખ્યાન શરૂ કરું છું. (આ બ્રહ્મદેવનું મંગલિક થયું.)

પંડિત દૌલતરામજી અને બ્રહ્મચારી બ્રહ્મદેવકૃત મંગલાચરણ કર્યા પછી હવે પરમાત્મપ્રકાશના રચયિતા વનવાસી દિગંબર સંત યોગીન્દ્રદેવ માંગલિક કરે છે.

જેમ લગ્નમાં પહેલાં માણેકસ્થંભ નાંખે છે ને! તેમ અહીં પણ શાસ્ત્ર શરૂ કરતાં પહેલાં માંગલિક કરે છે.

જે ભગવાન થઈ ગયાં તે પણ પહેલાં તો પર્યાયમાં મલિન હતાં. અનાદિથી કાંઈ પર્યાયમાં શુદ્ધ ન હતાં. તેણે ધ્યાનરૂપી અગ્નિ વડે એટલે અનાદિથી જે ધ્યાન રાગ-દ્વેષ અને વિકારનું હતું તે ધ્યાનની દિશા પલટીને સ્વભાવ તરફ કરી ધ્યાનાગ્નિ વડે અષ્ટકર્મોને નષ્ટ કર્યા છે તે પરમાત્માને હું નમસ્કાર કરું છું.

કેટલાક પંડિતો એમ કહે છે કે આત્માની પર્યાય રૂપી છે. પણ અરે ભાઈ! આત્માની પર્યાય કદી રૂપી ન હોય, એ તો વિકારી પર્યાય છૂટી જાય છે એ અપેક્ષાએ તેને રૂપી કહી છે. આત્માની બધી પર્યાય વિકારી નથી. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિની પર્યાયો અવિકારી છે અને શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, કર્તા-કર્મ આદિની પર્યાયો વિકારી છે.

આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય બધું અમૂર્ત અને અરૂપી જ છે. પણ વિકારી પર્યાય સ્વભાવમાં રહી શકતી નથી, છૂટી જાય છે એ અપેક્ષાએ તેને કેટલીક જગ્યાએ પુદ્ગલના પરિણામ કહ્યા છે અને રૂપી પર્યાય પણ કહી છે. તેની અપેક્ષા સમજવી જોઈએ.

સર્વજ્ઞદેવ સિવાય આ વાત ક્યાંય નથી. અન્યમતના કહ્યા અનુસાર ધ્યાન કરવા જશે તો આકાશના ફૂલ નીકળશે. મૂળ વસ્તુ હાથમાં નહિ આવે, ઉલટું ચારગતિનું ભ્રમણ પ્રાપ્ત થશે.

ભગવાનની દશા પણ અનાદિથી મેલી હતી તેને ભગવાને ધ્યાનાગ્નિ દ્વારા નષ્ટ કરી. ધ્યાન એટલે અખંડ દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ લગાવી તેમાં સ્થિર થવું તે. સમ્યગ્દર્શન પણ એક ધ્યાન છે, સમ્યગ્જ્ઞાન પણ ધ્યાન છે અને સમ્યક્ચારિત્ર પણ ધ્યાન છે.

અહીં આખું વીતરાગે કહેલું તત્ત્વ શી રીતે સિદ્ધ થાય છે, કઈ નયની અપેક્ષાએ તેમાં કથનો છે તે બધું આમાં સમાવી દીધું છે. ભગવાનને પહેલાં સંસાર અવસ્થામાં ભાવકર્મ એટલે પોતાની પર્યાયમાં રાગાદિની મલિનતા હતી તે તથા સાથે સંબંધમાં નિમિત્ત તરીકે આઠ કર્મોનું બંધન પણ હતું તે. ભગવાને ધ્યાનાગ્નિ વડે—ભાવકર્મની મલિનતાનો તો નાશ કર્યો પણ કર્મોને પણ ભસ્મ કર્યાં એટલે કર્મના રજકણોની અવસ્થા અકર્મરૂપ થઈ ગઈ તેથી ભગવાને કર્મને ભસ્મ કર્યાં કહેવામાં આવે છે.

આમ, ધ્યાનાગ્નિ વડે કર્મોને ભસ્મ કરીને ભગવાન નિત્ય, નિરંજન, જ્ઞાનમય દશાને પ્રાપ્ત થયા. વસ્તુમાં જે શક્તિ હતી તે ભગવાને પર્યાયમાં પ્રગટ કરી. એટલે સિદ્ધ થયાં.

જુઓ! 'સિદ્ધ પરમાત્મા થયા' એમ કહ્યું છે એટલે અનાદિથી બધાં સદાશિવ શુદ્ધ જ છે એ વાતનો આમાં નિષેધ થઈ ગયો.

આ જૈનદર્શનમાં સત્ય તત્ત્વ ભર્યું છે પણ તે સમજવાની જીવોને ફુરસદ નથી. ૨૪ કલાક ધંધાની માથાફોડમાં ને મોજશોખમાં પૂરા કરી દે છે. પછી ક્યારેક કલાક બે કલાક સાંભળવા આવે તો ક્યાંથી સમજાય! શાસ્ત્રમાં દાખલો આવે છે કે તળાવ ઉપર લીલફૂગના ગોદડા જેવાં થર જામ્યાં હોય એટલે તળાવની અંદર રહેલાં કાચબા આદિ જલચરે કોઈ દિવસ સૂર્ય-ચંદ્રનો પ્રકાશ જોયો ન હોય તેમાં ક્યારેક પવનના ઝપાટામાં લીલફુગમાં તડ પડી તેમાંથી એક કાચબાને પ્રકાશ દેખાયો ને આશ્ચર્ય થયું. તેને થયું લાવ, મારાં બધાં કાચબાઓને આ દેખાડું. જ્યાં બધાં આવ્યાં ત્યાં તો પડ ભેગું થઈ ગયેલું તેથી કાંઈ દેખાણું નહિ. તો બધાં કહે અરે! આ તો પાગલ થઈ ગયો છે. પ્રકાશ તે વળી શું હોય અમે તો કોઈ દિવસ કાંઈ જોયું નથી. અરે ભાઈ! પણ કાંઈક છે ખરું. મેં નજરે જોયું છે એમ પેલો કાચબો કહે છે. તેમ, અનાદિના અજ્ઞાનીને આત્માનું ભાન થતાં બીજાને કહે છે તો બીજા તેને પાગલ કહે છે કે અમે તો કોઈ દિવસ શુદ્ધ આત્મા જોયો નથી, તું ક્યાંથી લાવ્યો?

અહીં યોગીન્દ્રદેવની ગાથાનો અર્થ કરતાં બ્રહ્મદેવ કહે છે કે જેણે ધ્યાનાગ્નિ વડે કર્મોને ભસ્મ કરીને સિદ્ધદશા પ્રાપ્ત કરી છે એવા ભગવંતોને નમસ્કાર કરીને હું પરમાત્મપ્રકાશનું વ્યાખ્યાન કરું છું.

જેમ, મેઘપટલ (વાદળા)માંથી બહાર નીકળેલા સૂર્યના કિરણોની પ્રભા પ્રબળ હોય છે તેમ ધ્યાનાગ્નિ વડે કર્મપટલનો નાશ થતાં અત્યંત નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ અને અનંતવીર્યરૂપ અનંત ચતુષ્ટયની પ્રગટતાસ્વરૂપ પરમાત્મા પરિણત થાય છે. શક્તિમાં તો અનંત ચતુષ્ટય હતાં જ પણ અનાદિથી પર્યાયમાં મલિનતા હતી તેનો નાશ થઈને હવે પર્યાયમાં પણ અનંત ચતુષ્ટય પ્રગટ થયા છે.

સંસાર એક પર્યાય છે તેમ મોક્ષમાર્ગ પણ આત્માની એક પર્યાય છે અને સિદ્ધ

પણ આત્માની પર્યાય છે. અવસ્થા વગરનું તત્ત્વ ત્રણકાળમાં કોઈ દિવસ હોય નહિ. ભગવાન પણ સિદ્ધપર્યાયપણે આદિ અનંતકાળ પરિણમ્યા કરે છે. સમયે-સમયે પરમાત્મદ્રવ્ય પરમાત્મપર્યાયપણે પરિણમ્યા કરે છે. વસ્તુનું પર્યાયરૂપે પરિણમવું તે તેનો સ્વતઃ ધર્મ છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જેમ છે તેમ સમજ્યા વિના ભગવાન જે તત્ત્વ કહે છે તે તત્ત્વ હાથમાં નહિ આવે. જૈન કોઈ સંપ્રદાય નથી. 'જૈન એટલે વસ્તુનું તત્ત્વ' વસ્તુના સ્વભાવનું લક્ષ કરીને જેણે રાગ-દ્વેષ અને અજ્ઞાનને જીત્યા તેને ભગવાન જૈન કહે છે.

ભગવાને શક્તિમાં–ગુણમાં જે અનંત ચતુષ્ટય હતાં તે પર્યાયમાં પ્રગટ કર્યા તેથી ભગવાનને સિદ્ધ કહ્યાં છે. અનંત ચતુષ્ટય અને સ્વચતુષ્ટયમાં શું ફેર છે તે ખબર છે ને! થોડાં દિવસ પહેલાં વાત થઈ ગઈ છે. સ્વચતુષ્ટય એટલે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. જે દરેક દ્રવ્યમાં હોય છે અને અનંત ચતુષ્ટય એટલે જીવમાં અનંત જ્ઞાનાદિ ગુણો શક્તિમાં પડ્યા છે તેની વાત છે. જીવને આ યાદ નથી રહેતું. ગાળને ગાંઠે બાંધે છે પણ ગુણને ગાંઠે બાંધતો નથી, તેથી ક્યાંથી યાદ રહે! વર્ષો પહેલાં કોઈએ ગાળ દીધી હોય તે યાદ રહે છે પણ પોતાના ગુણો પોતાને યાદ રહેતાં નથી.

અરે જીવ! તું ક્યાં ભૂલ્યો ભમે છો! તું ભગવાન છો ને! ભગવાને જેવું પર્યાયમાં સિદ્ધપદ પ્રગટ કર્યું તેવું તારે કરવાનું છે. તારું કામ જ એ છે બીજું કાંઈ તારું કામ નથી. તારા ખિસ્સામાં જ ભરેલાં પેંડા તારે ખાવાના છે. તારા સ્વરૂપમાં અનંત જ્ઞાનાદિના પેંડા ભર્યા છે તેને અંતરદૃષ્ટિ કરીને ખા એટલી જ વાર છે. તારી અનાદિની ભૂખ ભાંગવા ક્યાંય બહાર જવાનું નથી.

પણ એને પોતાની મહિમા આવે તો દૃષ્ટિ કરે ને! સમયસારમાં કહ્યું છે ને! તું એકવાર તારા સ્વરૂપનું કુતૂહલ તો કર! ઓઝલમાંથી બહાર નીકળેલી રાણી જોવાનું કુતૂહલ થાય તેમ તારો અનંત ચતુષ્ટયનો ભંડાર ભગવાન આત્મા રાગની આડમાં—ઓઝલમાં પડ્યો છે તેને જોવાનું કુતૂહલ તો કર!

અહીં કહે છે કે સિદ્ધભગવાને જે અનંત ચતુષ્ટય પ્રગટ કર્યા છે તે જ તારે પ્રગટ કરવા લાયક છે.

ભગવાન એક સમયમાં આખા લોકાલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે. અનાદિથી જે કારણ સમયસારરૂપ હતાં તે હવે ભગવાન કાર્યસમયસારરૂપ થયાં. સિદ્ધપર્યાય પહેલાં પ્રગટરૂપે ન હતી તે હવે પ્રગટ થઈ એટલે પોતાનું કાર્ય પૂર્ણ કરીને કૃતકૃત્ય થઈ ગયા. તેવા ભગવાનને કાર્યસમયસાર–કાર્યજીવ કહેવામાં આવે છે.

આ બધી સમજાય તેવી વાતો છે. ભાઈ! તું પોતે જ કેવળજ્ઞાનનો કંદ છો. સિદ્ધ

ભગવાન એક સમયમાં સમસ્ત લોકાલોકને જાણે છે. એવી તો એક જ્ઞાનગુણની એક પર્યાયની તાકાત છે! એવી તો બીજા અનંત ગુણોની અનંત પર્યાય જુદી–એવી બધી તાકાત તારામાં પણ પડી છે.

આચાર્ય કહે છે—અમે સિદ્ધના સ્વરૂપને ઓળખીને નમસ્કાર કરીએ છીએ. સમજ્યા વિના અમે 'નમો સિદ્ધાણં' કરતાં નથી.

જેમ સોનું પહેલાં તાંબા આદિની મલિનતા સહિત હોય છે, તેને તપાવતાં તે સોળવલું શુદ્ધ સોનું થાય છે, તેમ રાગ-દ્વેષાદિની મલિનતા સહિત આત્મા હતો તે ધ્યાનાગ્નિ વડે મલિનતાને નષ્ટ કરીને શુદ્ધ અર્થાત્ સિદ્ધ થાય છે.

પંચાસ્તિકાયમાં ભગવાન કુંદકુંદ આચાર્યે કહ્યું છે કે ભગવાન પર્યાયનયે અભૂતપૂર્વ સિદ્ધ થયાં છે. એટલે પૂર્વે સિદ્ધ ન હતાં, હવે થયાં એ પર્યાયને જાણનારા–પર્યાયાર્થિકનયનું કથન છે અને આત્મા ત્રિકાળ શક્તિરૂપે સિદ્ધ છે તે દ્રવ્યાર્થિકનયનું કથન છે.

હવે અહીં 'નય' શરૂ થઈ છે. વસ્તુને પૂર્ણ જાણે તેને 'પ્રમાણ' કહેવાય અને વસ્તુના એક એક અંશને જાણે તેને 'નય' કહેવાય છે. વસ્તુની શક્તિને બતાવે તે દ્રવ્યાર્થિકનયનું કથન છે અને પ્રગટ પર્યાયને બતાવે તે પર્યાયાર્થિકનયનું કથન છે. વાત તો બધી સીધી ને સાદી છે પણ કોઈ'દિ આંગણે ચડયો નથી એટલે અઘરું લાગે છે. આંગણે ચડે તોપણ ઉપર ટપકે જઈને પાછો આવે છે પણ કોઈ'દિ પડદા તોડી ફોડીને વસ્તુનું તત્ત્વ શું છે તે જોવાની દરકાર કરી નથી.

વસ્તુને જોવાની બે આંખો છે: એક દ્રવ્યને જોનારી દ્રવ્યાર્થિકનયની આંખ અને એક પર્યાયને જોનારી પર્યાયાર્થિકનયની આંખ. આ બે આંખથી જુએ ત્યારે આખી વસ્તુ દેખાય છે.

જેમ સુવર્ણપાષાણમાં સોનું તો ત્રિકાળ શુદ્ધ સુવર્ણરૂપે રહેલું છે પણ તેને અન્ય ધાતુથી ભિન્ન કરીએ ત્યારે એકલું શુદ્ધ સોનું પ્રગટ થઈ જાય છે તેમ, દરેક આત્મામાં ગુણરૂપે તો સિદ્ધપણું પડયું જ છે પણ તે જ્યારે પર્યાયમાં પરિણમે ત્યારે સિદ્ધદશા—મોક્ષ કહેવાય છે. [ક્રમશઃ]

—o—

### * શુભની રુચિ છોડ *

અહો! આચાર્યદેવે તો ત્યાં સુધી કહ્યું કે હે જીવ! તું તીર્થ જઈશ નહિ, ગુરુની સેવા કરીશ નહિ, દેવની સેવા કરીશ નહિ, અહીં શુભ છોડીને અશુભમાં જવાનું કહ્યું નથી પણ શુભની રુચિ છોડાવી છે. નીચલી અવસ્થામાં શુભ નહિ છૂટે પણ શુભની રુચિ છોડાવી છે. —પૂજ્ય ગુરુદેવ

# 卐 સ્વ-પરની જુદાઈ 卐

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( પ્રવચન નં. ૩૭ )

શ્રી પૂજ્યપાદ સ્વામીકૃત ઇષ્ટોપદેશની ૩૩ મી ગાથા ચાલે છે.

ગુરુ–ઉપદેશ, અભ્યાસને, સંવેદનથી જેહ,
જાણે નિજ–પર ભેદને, વેદે શિવ–સુખ તેહ. ૩૩.

ગુરુના ઉપદેશમાં સ્વ-પરની જુદાઈનો ઉપદેશ સાંભળી, શિષ્ય સ્વ-પરની જુદાઈને અંતર અભ્યાસ કરે છે. આવો વારંવાર અભ્યાસ કરવાથી સ્વસંવેદન પ્રગટ થાય છે, તેમાં શિષ્યને મોક્ષસુખનો અંશે અનુભવ પ્રગટ થાય છે.

આ શ્લોકને અનુરૂપ તત્ત્વાનુશાસનના ૧૭૦ માં કળશનો મુનિરાજ આધાર આપે છે કે આવા આત્માના અનુભવને પ્રાપ્ત કરતો થકો તે આત્મા ઉત્કૃષ્ટ એકાગ્રતા પ્રાપ્ત કરી લે છે અને તે રીતે મન તથા વચનથી અગોચર એવા સ્વાધીન અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરે છે.

જુઓ ! અહીંથી ધર્મની શરૂઆત થાય છે. શરીર, રાગ-દ્વેષ આદિ પરથી જ છે અને જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા તે સ્વચીજ છે. આમ સ્વ-પરની જુદાઈનો વારંવાર અભ્યાસ કરતાં સ્વભાવ તરફની એકાગ્રતા પ્રગટ થાય છે તેમાં જીવ મોક્ષમાં જે પૂર્ણ આનંદ છે તે જ જાતનાં આનંદનો અંશે અનુભવ કરે છે.

આવા સ્વાધીન આનંદનો ઉપદેશ તે ઇષ્ટ ઉપદેશ છે. તેનાથી વિરુદ્ધ પરથી કે રાગથી આત્માને આનંદ થાય–લાભ થાય એવો ઉપદેશ તે ઇષ્ટ નથી. જેનાથી ભેદજ્ઞાન કરવાનું છે એવા રાગાદિથી લાભ ક્યાંથી થાય ? તેનાથી તો બંધનો લાભ થાય. મોક્ષનો લાભ તેનાથી ન થાય.

આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે તે 'સ્વ' છે અને પુણ્ય–પાપ–વિકારીભાવ તે 'પર' છે. એમ સ્વ અને પરની ભિન્નતાનો અભ્યાસ કરતાં આત્માની એકાગ્રતા થતાં તેમાં મોક્ષસુખનો અનુભવ થાય છે અને તે એકાગ્રતા વધતાં વધતાં જ ઉત્કૃષ્ટ એકાગ્રતા –પૂર્ણતા પ્રગટ થાય છે.

તે ઉત્કૃષ્ટ એકાગ્રતામાં એવો સ્વાધીન આનંદ છે કે તે મન અને વાણીને અગોચર છે અથવા વાણીથી કહી શકાય તેવો નથી.

આ તો એકદમ માખણની–તત્ત્વની વાત છે. ધર્મ કરવો હોય તેણે આ તત્ત્વ સમજવાનું છે. જ્ઞાનીઓએ પણ આ કહ્યું છે, શાસ્ત્ર પણ આ જ કહે છે, કેવળીએ પણ આ કહ્યું હતું અને આત્માની વાત ઝીલનારને પણ આ જ વાત એના ખ્યાલમાં આવે છે. શું એ વાત ?—કે સ્વ-પરની જુદાઈ કરવી તે મોક્ષનો ઉપાય છે.

પરદ્રવ્ય તો આત્માથી ભિન્ન છે પણ રાગ-દ્વેષભાવ જે આસ્રવ છે તે પણ આત્માથી ભિન્ન છે, એવા ભિન્ન આત્માનો અનુભવ કરતાં જે આનંદ પ્રગટ થાય છે તે મન અને વાણીને અગોચર છે એટલે મન અને વાણીથી પ્રાપ્ત થાય તેમ નથી અને તેનું વર્ણન વાણીથી થઈ શકે તેમ નથી. સમજાણું કાંઈ?

જીવ સમજ્યો ત્યારે કહેવાય કે સર્વજ્ઞોએ, શાસ્ત્રે, ગુરુએ જે સ્વ-પરની ભિન્નતા કરવાનું કહ્યું તે પ્રમાણે પોતે ભેદજ્ઞાન કરે ત્યારે સમજ્યો કહેવાય. દેવ-શાસ્ત્ર-ગુરુ જે ભાવ કહેવા માગે છે તેને પાત્ર જીવ બરાબર ઝીલીને તે ભાવ પ્રગટ કરે છે.

'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' સર્વજ્ઞભગવાન, ગુરુ, શાસ્ત્ર બધાં એક જ સાર કહે છે 'રાગ અને આત્માનું ભેદજ્ઞાન કરો' આ જ ભાવને પાત્ર જીવ ઝીલી લે છે.

ભગવાન આત્મા નિત્યાનંદ સ્વરૂપ છે. તેમાં પુણ્ય-પાપના વિકલ્પો તે અનિત્ય –ક્ષણિક અને સ્વભાવથી વિપરીત છે, તે વિપરીત અને અવિપરીત સ્વભાવમાં ભેદ પાડી તેનો વારંવાર અભ્યાસ કરતાં સ્વાધીન અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય છે, તે જ જીવનો ધર્મ છે. આ ધર્મની ટૂંકી અને સરળ વ્યાખ્યા છે.

આહાહા....! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના બધાં શાસ્ત્રોનો સાર આ એક શ્લોકમાં મૂકી દીધો છે.

પૂજ્યપાદસ્વામી કહે છે કે હે પાત્ર શિષ્ય! તું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુના અનુભવથી રાગને જુદો પાડ! ખરેખર તો સ્વભાવમાં એકાગ્રતા થતાં રાગ ઉભો થતો જ નથી તેને રાગથી તું જુદો પાડ એમ કહ્યું છે.

આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત છે અને રાગાદિ તેનાથી પર છે એમ કહીને આત્મા અને રાગ બંને ચીજને સાબિત કરી છે. એક કોર રામ અને એકકોર ગામની જેમ અહીં એકકોર જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ ભગવાન ચૈતન્ય અને એક તરફ રાગ, વિકલ્પ આદિ બધું. એ બેની જુદાઈનો અભ્યાસ કરતાં કરતાં કોઈ પણ જાતના કષ્ટ વિના જીવ અતીન્દ્રિય સ્વાધીન આનંદને અનુભવે છે. ઉપવાસ આદિના કષ્ટ સહન કરે તો આનંદ થાય–એમ નથી.

જે કરવાનું છે તે ભગવાનને કહી દીધું—'ભેદજ્ઞાન કરો.' તે એક જ માર્ગ છે. ઉપવાસ, વ્રતાદિ સાથે હોય પણ તે કોઈ માર્ગ નથી. મુનિરાજે અહીં ટૂંકામાં ઘણો

મર્મ સમજાવીને માખણની વાતુ લખી છે.

હવે આગળ શિષ્ય પ્રશ્ન પૂછે કે 'મોક્ષસુખના અનુભવના વિષયમાં ગુરુ કોણ હોય છે?' તેના ઉત્તરમાં ૩૪ મો શ્લોક કહે છે.

નિજ હિત અભિલાષી સ્વયં, નિજ હિત નેતા આત્મ,
નિજ હિત પ્રેરક છે સ્વયં, આત્માનો ગુરુ આત્મ. ૩૪.

જે સત્‌ના કલ્યાણના વાંછક છે, અને જે વાંછા–ઇચ્છા થઈ તેના હિતના ઉપાયને બતાવવાવાળા છે તથા હિતના પ્રવર્તક છે તેને ગુરુ કહેવાય છે.

ખરેખર તો જ્યારે આત્મા પોતે સત્‌ના કલ્યાણનો વાંછક થાય છે ત્યારે એ કલ્યાણ કેમ થાય તેનો ઉપાય પોતે પોતાને બતાવે છે કે ભાઈ! રાગથી જુદો પડ અને સ્વભાવમાં એકાગ્ર થા. એ મોક્ષસુખનો–હિતનો ઉપાય છે એમ પોતે પોતાને હિતનો રસ્તો બતાવીને તેમાં પ્રવર્તન કરે છે માટે આત્માનો ગુરુ આત્મા પોતે જ છે.

સર્વજ્ઞ કહે, શાસ્ત્ર કહે, ગુરુ કહે પણ એ ભાવ જ્યાં સુધી પોતાને ભાવથી ન બેસે ત્યાં સુધી આત્મા ક્યાંથી પ્રાપ્ત થાય? જ્યારે પોતે પોતાને સમજાવે કે અરે આત્મા! તું આનંદસ્વરૂપ આત્માની અભિલાષા કર અને એ અભિલાષાના ઉપાયમાં રાગ અને વિકલ્પથી જુદો પડ, તે શાંતિનો ઉપાય છે—એમ પોતે પોતાને જણાવે છે. દેવ-શાસ્ત્ર-ગુરુ તો ઘણું સમજાવે પણ જો જીવ પોતે જ રાગથી ખસીને સ્વભાવની પ્રાપ્તિનો ઉપાય ન કરે તો દેવ-શાસ્ત્ર-ગુરુ શું કરે? માટે આત્મા પોતે જ પોતાનો ગુરુ છે.

બાપુ! તારા મારગડાં એવા છે કે તેનો દુનિયા સાથે મેળ ખાય તેમ નથી. પ્રભુ કહે છે કે આ માર્ગને તું દુનિયા સાથે મેળવીશ નહિ. આ માર્ગની જાત જ કોઈ જુદી છે.

આ જીવને ભૂતકાળમાં અનંતવાર સાક્ષાત્ તીર્થંકરનો યોગ પણ બન્યો છે અને ભગવાનની દિવ્યધ્વનિમાં આત્માના હિતનો ઉપાય સાંભળ્યો પણ છે પરંતુ પોતે અંદરમાં હિતનો ઉપાય ન કરે, કલ્યાણનો વાંછક થઈને હિત તરફ ન પ્રેરાય તો તીર્થંકર પણ તેને શું કરે?

શ્રોતા :—પહેલાં તો હિતની વાત દેવ-ગુરુ પાસેથી સાંભળે ત્યારે હિતનો ઉપાય કરે ને?

પૂજ્ય ગુરુદેવ :—પોતે હિતનો રસ્તો લે તો દેવ-ગુરુના ઉપદેશને નિમિત્ત કહેવાય છે. પોતાની જાતથી સમજે ત્યારે જ તેને ગુરુની કિંમત થશે કે અહો! આ તો સત્ય વાત કહેનાર છે. નિશ્ચય પ્રગટે તેને ગુરુ પ્રત્યે વિનય અને ભક્તિનો ભાવ (વ્યવહાર) ઊઠે છે. સત્‌ની સમજણ વગર વિનય–ભક્તિનો સાચો વ્યવહાર પણ આવતો નથી.

હે આત્મા! ભગવાન તો આવો ઉપદેશ આપે છે પણ તને બેસે છે કે નહિ? બેસાડ ભાઈ! બેસાડ. રાગથી જુદું તારું તત્ત્વ બાપુ! તેનો અભ્યાસ કર! અભ્યાસ કરીને તેમાં ઠરવું એ તારું કાર્ય છે તે બીજું કોઈ કરી આપે તેમ નથી.

લોકોમાં કહેવત છે કે 'જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે?' તેમ શિષ્ય પોતે તૈયાર ન થાય તો ગુરુ તેને શું કરે? માટે જ અહીં ઇષ્ટોપદેશમાં કહે છે કે તું તારો ગુરુ થા તો તારું હિત થાય અને ત્યારે જ તને ગુરુનાં વિનય-ભક્તિનો વ્યવહાર આવશે. નિશ્ચય પ્રગટ થાય તો વ્યવહાર આવે. એ વાત અહીં સિદ્ધ થાય છે.

પરથી અને રાગથી છૂટીને સ્વાભાવિક સુખ પ્રગટ કરવાની જેને ઇચ્છા છે તેની અહીં વાત ચાલે છે. જેને હજુ પુણ્ય અને પુણ્યના ફળમાં મળતાં સંયોગોમાંથી સુખ લેવાની ઇચ્છા છે તેની વાત નથી. જેને 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ' એવી અભિલાષા છે તેને જ સાચી અભિલાષા છે અને તે જ હિતનો સાચો ઉપાય કરી શકે છે.

અહો! શાશ્વત સત્ સુખની કાંક્ષા કરનાર આત્મા પોતે છે અને તેના ઉપાયરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ બતાવનારો પણ પોતે છે. જણાવનાર પણ પોતે છે અને જાણનાર પણ પોતે છે. આમ હિતનો કાંક્ષક પોતે છે, હિતનો ઉપાય બતાવનાર પણ પોતે છે અને હિતરૂપે પ્રવર્તનાર પણ પોતે છે. માટે ખરેખર આત્મા જ ગુરુ છે અને આત્મા જ પોતાનો શિષ્ય છે.

કોઈ સાધુ નામ ધરાવે, બ્રહ્મચારી નામ ધરાવે, પંડિત નામ ધરાવે પણ તેની પાછળ બહાર પડવાની જ ભાવના હોય, માન મેળવવાની ઇચ્છા હોય તેને તો અંતરમાં હોળી સળગે છે, તેને ખરેખર સત્ સુખની ઇચ્છા નથી. માનની ઇચ્છા છે, એ તો અનાદિથી કરતો જ આવ્યો છે તેમાં નવું શું કર્યું?

આત્મા પોતે પૂર્ણાનંદની ખાણ છે, તેમાંથી જ મોક્ષ પ્રગટ થાય તેમ છે. બાકી, 'તારે તે તરે' એ વાત જૂઠી છે. 'તરે તે તારે' એ પણ નિમિત્તનું કથન છે. પાત્ર જીવ હોય અને પોતાના પુરુષાર્થથી તરે ત્યારે દેવ-શાસ્ત્ર-ગુરુ તેમાં નિમિત્ત કહેવાય.

પાત્ર જીવને તો એક જ અભિલાષા હોય કે મારે તો એક સત્ જોઈએ. શાશ્વત મોક્ષની જ મને વાંછા છે, બાકી, સંયોગો તો અસાર છે, વિકાર પણ અસાર છે, તે કાંઈ મારે જોઈતું નથી. જગતની આબરૂ, કીર્તિ મારે જોઈતી નથી. આમ જેને એકમાત્ર સત્‌ની જ વાંછા છે તેને કહે છે કે તે સત્પ્રાપ્તિનો ઉપાય પણ તારામાં જ છે.

ભાઈ! તું બહારની બધી અભિલાષા છોડી દે અને એક સત્....સત્....સત્.... શાશ્વત સુખરૂપ પરથી તદ્દન મુક્ત અને સ્વથી પરિપૂર્ણ એવા મોક્ષની અભિલાષા કર!

તેનો ઉપાય જાણ અને તેમાં પ્રવર્તન કર! આવી અભિલાષા કરનારો અને તેનો ઉપાય શોધી તેમાં પ્રવર્તન કરનારો તું પોતે જ તારો ગુરુ છો.

શ્રોતા :—પારસમણિ તો લોઢાને સોનું બનાવી દે છે પણ પારસમણિ નહિ, પરંતુ આપ ગુરુ તો અમને ગુરુ બનાવી દ્યો છો.

પૂજ્ય ગુરુદેવ :—પારસમણિ પણ કાટવાળા લોઢાને સોનું બનાવતું નથી, સારું લોઢુ હોય તો જ સોનું બને તેમ, પાત્ર જીવ હોય તે જ પોતાનો ગુરુ બની શકે છે, અપાત્ર જીવ પોતાનો ગુરુ બનતો નથી. માટે જીવની પોતાની પાત્રતા જોઈએ.

જાણપણું વિશેષ થાય કે ન થાય, બોલતા આવડે કે ન આવડે એ બધી વાત એક તરફ રાખીને અહીં તો એક જ જેને મોક્ષની ઇચ્છા છે અને મોક્ષનો ઉપાય શોધે છે અને તેમાં પ્રવર્તન કરે છે તેને જ ગુરુ કહ્યો છે.

મોક્ષ એટલે પરથી અને રાગથી રહિત પરમાનંદ સ્વરૂપ આત્માનો આનંદ. તેની જ જેને અભિલાષા છે તે મોક્ષના ઉપાયો જાણવાનો પ્રયત્ન કરે છે અને જાણીને પોતે પોતાને બતાવે છે કે સ્વરૂપમાં ઠરવું અને બહારથી ખસવું તે જ એક મોક્ષનો ઉપાય છે, આમ જાણી તેમાં જે પ્રવર્તન કરે છે તે પોતે જ પોતાનો ગુરુ છે અને જે નિશ્ચય ગુરુ પોતે થાય છે, તેને જ વ્યવહાર ગુરુનું બહુમાન, વિનય અને ભક્તિના ભાવ આવે છે.

—૦—

[ ક્રમશઃ ]

**દરેક દ્રવ્યના પરિણામ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જ થાય છે. બીજા દ્રવ્યનું બિલકુલ કાર્ય નથી. ધજા સ્થિર હતી ને એકદમ હલવા માંડી તે પવન આવ્યો માટે હલવા માંડી એમ નથી. પાણી ઠંડું હતું તેમાંથી એકદમ ગરમ થયું તે અગ્નિ આવી માટે ગરમ થયું છે એમ નથી, ચોખા કઠણ હતા અને તેમાંથી પોચા થયા તે પાણી આવ્યું માટે થયા છે એમ નથી. બાહ્યદૃષ્ટિથી જોનાર અજ્ઞાનીને નિમિત્ત દેખીને ભ્રમ પડે છે કે પાણી ઠંડું હતું ને ગરમ થયું તે નિમિત્ત આવ્યું માટે થયું છે પણ એમ નથી. ઘેર બેઠો હતો ત્યારે અશુભ પરિણામ હતા ને મંદિરે ભગવાનના દર્શન કરવા આવ્યો ત્યાં શુભ પરિણામ થયા, આમ એકદમ અશુભમાંથી શુભ પરિણામ થયા તે નિમિત્તથી થયા એમ છે જ નહિ પણ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી પોતાથી જ થયા છે. એક દ્રવ્યનું કાર્ય બીજું દ્રવ્ય બિલકુલ કરી શકતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું કે સ્પર્શ કરતું જ નથી તો એક ને બીજું દ્રવ્ય કરે શું? આહાહા! આવી વસ્તુની સ્વતંત્રતા બેસી જાય તો એની દૃષ્ટિ બહારથી ખસીને અંદરમાં વળે.**

—પૂજ્ય ગુરુદેવ

# 卐 વૈરાગ્યજનની : બાર ભાવના 卐

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

લોકઅનુપ્રેક્ષામાં આ જીવ દ્રવ્યનું વર્ણન ચાલે છે. તેમાં ૧૮૯ મી ગાથામાં જીવના ભોક્તાપણાની વાત કરે છે :—

जीवः अपि भवति भोक्ता कर्मफलं सः अपि भुङ्क्ते यस्मात् ।
कर्म्मविपाक विविधं सः च एव भुनक्ति संसारे ॥१८९॥

અર્થ :—કારણ કે જીવ, કર્મનું ફળ આ સંસારમાં ભોગવે છે માટે ભોક્તા પણ તે જ છે. વળી સંસારમાં સુખ-દુઃખરૂપ અનેક પ્રકારના કર્મના વિપાકોને પણ ભોગવે છે. ૧૮૯.

ભગવાન સર્વજ્ઞદેવે લોકનું જેવું સ્વરૂપ જોયું છે, તેવું ધર્મી જીવ વિચારે છે. મારો આત્મા જ્ઞાન-આનંદ સ્વરૂપ છે, ને આ શરીરાદિ તો મારાથી પર છે—એવા ભાનપૂર્વક ધર્મી જીવને લોકભાવના હોય છે. જે સિદ્ધ ભગવંતો થયા છે તે બધાય અંદરની શક્તિમાંથી થયા છે ને મારામાં પણ તેવી શક્તિ છે, તેમાંથી હું સિદ્ધ થવાનો છું. આમ જેને પોતાના સ્વભાવની પ્રતીતિ હોય તેને સાચી ભાવના હોય છે.

ધર્મી જીવ વિચારે છે કે સંસારમાં જીવને રાગાદિ ભાવો થાય તેનાથી કર્મનું બંધન થાય છે અને તે કર્મના ફળરૂપ હર્ષ–શોકને જીવ એકલો જ ભોગવે છે. પર ચીજને કાંઈ આત્મા ભોગવતો નથી. તે તો આત્માથી ભિન્ન છે. પૂર્વે જેવા જેવા વિકાર ભાવ કર્યા તેવું કર્મ બંધાયું. તેના ફળમાં જે બહારનો સંયોગ મળ્યો તેમાં હર્ષ–શોક કરીને જીવ એકલો જ તેને ભોગવે છે. કોઈ ઇશ્વર તેને કર્મનું ફળ આપતો નથી, સંયોગ-વિયોગ તો આત્માથી ભિન્ન છે, તેને તો અજ્ઞાની પણ ભોગવી શકતો નથી, પણ તેને જાણતા જ્ઞાતાસ્વભાવને ભૂલીને અજ્ઞાની જીવ તેમાં હર્ષ-શોક કરે છે ને તે હર્ષ-શોકને તે એકલો જ અનુભવે છે. કર્મ કાંઈ તેને હર્ષ-શોક કરાવતું નથી. અહો ! અનંત અરિહંતો ને સિદ્ધો થઈ ગયા. તેવી જ મારી જાત છે. આવું ભાન અજ્ઞાની કરતો નથી ને તેથી તે હર્ષ-શોકને જ ભોગવે છે.

શ્રોતા :—જો આત્મા પોતાના હર્ષ-શોકના ભાવને જ ભોગવે છે તો પછી બહારનાં સ્વર્ગ–નરકાદિ ભોગ્ય સ્થાનની શું જરૂર છે ?

પૂજ્ય ગુરુદેવ :—ઉપાદાન તરીકે તો પોતે પોતાના હર્ષ-શોકનો જ ભોક્તા છે, પણ તે વખતે નિમિત્ત તરીકે કેવો સંયોગ હોય છે તે બતાવ્યું છે. સ્વર્ગ–નરકાદિનો

સંયોગ તે નિમિત્ત છે, ને તેને પ્રકારના હર્ષ-શોકને ભોગવવાની લાયકાતવાળા જીવોને તેવો સંયોગ હોય છે.

" તે તે ભોગ્યવિશેષનાં સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. "

નરક કે સ્વર્ગ વગેરેનો સંયોગ નિમિત્ત તરીકે છે. તે વખતે પણ જીવ પોતાના ભાવને જ ભોગવે છે. કાંઈ સંયોગને ભોગવતો નથી, પણ જીવની જેવી લાયકાત હોય તે પ્રમાણે સ્વર્ગ કે નરક વગેરેનો સંયોગ નિમિત્ત તરીકે હોય છે. એવી વસ્તુ-સ્થિતિ છે, સંસારમાં સુખદુઃખ રૂપ અનેક પ્રકારનાં કર્મફળને જીવ એકલો ભોગવે છે.

જુઓ, સંસારના ભાવમાં તો દુઃખ જ છે, પણ અજ્ઞાની જીવોને સંયોગમાં સુખ ભાસે છે; સંસારમાં અનુકૂળ સંયોગોમાં લોકો સુખ માને છે તે અપેક્ષાએ અહીં કહ્યું છે પણ ખરેખર આત્માના સ્વભાવ સિવાય પરમાં ક્યાંય પણ સુખ નથી. ધર્મી જીવ સંયોગમાં સુખ માનતા નથી, અજ્ઞાની માને છે કે મારે પર વિના ચાલતું નથી પણ ભાઈ ! ત્રણે કાળે પરનો તો તારામાં અભાવ જ છે એટલે તારે સદાય પર વગર જ ચાલે છે. પર ચીજ ભિન્ન છે, તે કદી આત્મા સાથે એકમેક થતી નથી, છતાં અજ્ઞાનીને ભ્રમ છે કે મારું સુખ પરમાં છે. જીવ–અજીવ વગેરે નવ તત્ત્વો જુદાં જુદાં છે. તેમાં આત્મતત્ત્વને ઓળખીને તેમાં એકાગ્ર થાય તો ધર્મ થાય છે. પરમાં સુખદુઃખની કલ્પના કરવી તે અપરાધ છે, તે જીવનું મૂળ સ્વરૂપ નથી. જીવનું મૂળ સ્વરૂપ તો જ્ઞાનાનંદ છે. એનું ભાન કરીને કેવળજ્ઞાન અને પરમાત્મદશા પ્રગટ થાય છે.

जीवः अपि भवति पापं अतितीव्रकषायपरिणतः नित्यम् ।
जीवः भवति पुण्यं उपशमभावेन संयुक्तः ॥ १९० ॥

અર્થ :—આ જીવ, અતિ તીવ્ર કષાય યુક્ત થાય ત્યારે તે પોતે જ પાપરૂપ થાય છે તથા ઉપશમભાવ-મંદકષાય યુક્ત થાય ત્યારે તે પોતે જ પુણ્યરૂપ થાય છે. ૧૯૦.

જીવને કર્મના ઉદયથી પુણ્ય–પાપ થાય છે—એમ નથી, પણ જીવ પોતે જ પુણ્ય કે પાપભાવરૂપે પરિણમે છે, આખું જીવ તત્ત્વ કાંઈ પાપરૂપ થઈ જતું નથી પણ પર્યાયમાં જીવ પોતે પાપરૂપ થાય છે. મિથ્યા અભિપ્રાય અને તીવ્ર કષાયભાવથી જીવ પોતે પાપરૂપ થાય છે ને મંદ કષાયથી જીવ પોતે પુણ્યરૂપ થાય છે. જડકર્મમાં પુણ્ય થાય છે, તેની આ વાત નથી, તે તો જીવથી ભિન્ન છે. અહીં જીવના ભાવની વાત છે, જીવના ભાવને જીવ પોતે કરે છે, તે પુણ્ય–પાપ ક્ષણિક છે, તેનાથી રહિત ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં તે પુણ્ય–પાપ ટળી જાય છે, ને પૂર્ણ પરમાત્મદશા પ્રગટે છે. જેમ લીંડી પીપરમાં ૬૪ પહોરી તીખાશ શક્તિપણે ભરી છે તે જ તેમાંથી પ્રગટે છે. તેમ આત્માની શક્તિમાં કેવળજ્ઞાન ભર્યું છે તેની પ્રતીત કરીને

તેમાં લીન થાય તેને કેવળજ્ઞાન વ્યકત થાય છે. ક્ષણિક પાપ કે પુણ્ય ભાવ વખતે આખો આત્મા તેવો થઈ ગયો નથી. જો આખો આત્મા પુણ્ય-પાપરૂપ થઈ જાય તો તે પુણ્ય-પાપ ટળીને વીતરાગદશા આવશે શેમાંથી? અહીં પર્યાયની વાત છે. પર્યાયમાં આત્મા પોતે પુણ્ય-પાપરૂપ થાય છે.

કર્મના ફળ વખતે પોતે જેવા હર્ષ શોક કરે તેવા થાય છે. કાંઈ કર્મ કરાવતું નથી. દોષ કરે પોતે, ને બીજા ઉપર ઢોળે-એવી અનાદિની ટેવ પડી છે. તેથી અજ્ઞાની કહે છે કે કર્મ અમને વિકાર કરાવે છે. અરે ભાઈ! બહારનો સંયોગ ભલે ઓછો વધતો હોય પણ તું તેમાં શા માટે હર્ષ શોક કરે છે? જે જીવને તીવ્ર કષાય છે તેને પાપ-જીવ કહે છે, જેને મંદ કષાય છે તેને પુણ્યજીવ કહે છે, ને બન્ને પરિણામ સહિત હોય તેને પુણ્ય-પાપ જીવ કહે છે.

"સિદ્ધાંતની અપેક્ષાએ તો એમ જ છે કારણ કે સમ્યક્ત્વ સહિત જીવને તો તીવ્ર કષાયની જડ (મિથ્યાશ્રદ્ધાન) કપાવાથી પુણ્યજીવ કહીયે છીએ તથા મિથ્યાદૃષ્ટિ જીવને ભેદજ્ઞાન વિના કષાયોની જડ કપાતી નથી, તેથી બહારથી કદાચિત્ ઉપશમ પરિણામ દેખાય તોપણ તેને પાપજીવ જ કહીયે છીએ—એમ જાણવું."

જેને અંદરમાં ચૈતન્યસ્વભાવનું ભાન થયું તેને અનંતાનુબંધી કષાય તો હોતો જ નથી. તેને તીવ્ર કષાયનાં મૂળિયા કપાઈ ગયા છે. અહો! દેહદેવળમાં અમે ચૈતન્ય ભગવાન છીએ આ વિકાર તે અમારું સ્વરૂપ નથી, આવું આઠ વર્ષની બાલિકાને તથા દેડકાને પણ ભાન થાય છે. તેવા જીવોને તો "પુણ્યજીવ" કહેવાય છે. જુઓ, ભગવાનના સમવસરણમાં નાનકડું દેડકું પણ આત્માનું ભાન કરે છે ને તેને પણ સમ્યગ્દર્શનની અપેક્ષાએ પુણ્યજીવ કહેવાય છે. તેને ઊંધી માન્યતાનું તીવ્ર પાપ ટળી ગયું ને અનંતાનુબંધી કષાય ટળી ગયો છે તેથી તે પુણ્ય-જીવ છે. મિથ્યાત્વ તે સૌથી મોટું પાપ છે, જેને સમ્યગ્દર્શન થયું ને પવિત્રતા થઈ તેને મિથ્યાત્વનું પાપ તો હોતું જ નથી. અનંતાનુબંધીનો તીવ્ર કષાય થતો નથી, તેથી તે પુણ્ય-જીવ છે. બહારમાં પુણ્યનો સંયોગ ઘણો હોય પણ જો આત્માનું ભાન ન કરે તો તે "પાપ-જીવ" છે. જે આત્મા સ્વભાવનો અનાદર કરીને પર ચીજથી પોતાને સુખ માને છે તે જીવ મોટો પાપી છે. અંદર મોટી ચૈતન્યનિધિ પડી છે તેનો આદર કરતો નથી, ને જડમાં સુખ માને છે, તે જીવને બહારમાં ભલે લક્ષ્મીના ગંજ હોય તોપણ તેને ભગવાન "પાપી" કહે છે, ને દેહથી ભિન્ન ચિદાનંદ સ્વભાવનું ભાન કરનારું નાનું દેડકું હોય તો તે પણ 'પુણ્ય-જીવ' છે, તે જીવ અલ્પ કાળમાં મોક્ષ ચાલ્યો જશે. શુભ ભાવ અમને લાભ કરશે શરીરની ક્રિયાથી ધર્મ થશે, એમ માનનાર જીવ પણ પાપી છે. જેને અંદર પરથી ભિન્ન ચૈતન્યનું ભાન નથી એને ભેદજ્ઞાન વગર પાપની જડ કપાતી નથી. તેથી તે પાપજીવ

છે, ભલે મોટો રાજા હોય, પણ તેને ભિન્ન ચૈતન્યનું ભાન નથી; તેને પાપનું મૂળિયું ઊભું છે. તેથી તે પાપ–જીવ છે. ભેદજ્ઞાન વગર મૂળ કપાતું નથી, ભલે તેને મંદ કષાય અને શુભભાવ હોય તોપણ પરમાર્થે તેને 'પાપજીવ' કહ્યો છે. ક્રોધાદિ ભાવો ઓછા દેખાય પણ અંદરમાં કષાય વગરના ચિદાનંદ સ્વભાવનું જેને ભાન નથી તે મિથ્યાદૃષ્ટિ પાપ–જીવ છે. મારો આત્મા દેહથી ને રાગથી જુદો ચિદાનંદ મૂર્તિ છે એવા ભાનમાં ધર્મી જીવને કષાયના મૂળિયાં કપાઈ ગયાં છે. તે પુણ્ય–જીવ છે. સાતમી નરકમાં પડેલો નારકી જીવ પણ જો આત્માનું ભાન કરે તો તે પુણ્ય–જીવ છે, ને સ્વર્ગમાં રહેલો મિથ્યાદૃષ્ટિ જીવ 'પાપી' છે. નિર્ધનતા તે કાંઈ અપરાધ નથી, ને સધનતા તે કાંઈ ગુણ નથી, નિર્ધન હોવા છતાં અંદર જેને ભાન છે કે "હું તો ચૈતન્ય નિધિનો સ્વામી છું. કેવળજ્ઞાનની અનંતી નિધિ મારામાં પડી છે, જડ સંયોગમાં મારું સુખ નથી"—તેવા ધર્મી જીવને ભગવાને પુણ્યજીવ કહ્યો છે. બહારમાં લોકો નિર્ધનનો ભલે આદર ન કરે, ને ધનવાનનો આદર કરે પણ તેથી ધર્મી જીવને એમાં હીનતા કે અભિમાન હોતું નથી. ધર્મી તો જાણે છે કે બહારમાં સધનતા કે નિર્ધનતા તે અમારું સ્વરૂપ નથી, અમે તો આત્મા છીએ, આવા ભાનમાં ધર્મી જીવ નિર્ધન હોય તોપણ ભગવાન તેને પુણ્ય–જીવ કહે છે, ને જે જીવ મિથ્યા શ્રદ્ધા સેવી રહ્યો છે તે જીવ ભલે બહારમાં ધનવાન હોય તો પણ તેને ભગવાન 'પાપ–જીવ' કહે છે. જુઓ! સંયોગ ઉપર માપ નથી પણ અંદર સમ્યક્ શ્રદ્ધા છે કે મિથ્યા શ્રદ્ધા છે, તેના ઉપર જ આખું જોર છે. ભેદજ્ઞાની ધર્માત્માજીવોને પુણ્યવંત કહ્યા છે, ને મિથ્યાદૃષ્ટિજીવોને પાપી કહ્યાં છે.

જેને પરથી ભેદજ્ઞાન નથી એવા પાપી જીવોનો ઢગલો જગતમાં બહુ મોટો છે. જગતમાં મિથ્યાદૃષ્ટિ જીવો અનંતા છે. નિગોદમાં અનંતા જીવો પડયા છે, અને મનુષ્ય થઈને પણ જેઓ આત્માની દરકાર નહિ કરે ને તત્ત્વનો વિરોધ કરશે તે મિથ્યાદૃષ્ટિ જીવો નિગોદમાં જશે, તેથી તે 'પાપીજીવ' છે.

ધર્મીની દૃષ્ટિમાં બહારના સંયોગોનો મહિમા નથી, પણ જેને ચૈતન્યનું ભાન છે એવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને જ તે પુણ્યવંત માને છે. જેને ચૈતન્યનું ભાન નથી તેને પાપી માને છે. રૂપાળું શરીર હોય તે કાંઈ આત્માનો ગુણ નથી, ને કાળું શરીર હોય તે કાંઈ દોષ નથી. રૂપાળું શરીર હો કે કાળું હો, પણ જેને અંદરમાં દેહથી ભિન્ન સ્વભાવનું ભાન છે તે પુણ્ય–જીવ છે, ને જેને તેવું ભાન નથી તે પાપ–જીવ છે એમ જાણવું.

હવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય તે જ સંસાર પાર થવા માટેની દિવ્ય નૌકા છે એમ કહે છે.

रत्नत्रयसंयुक्तः जीवः अपि भवति उत्तमं तीर्थं ।
संसार तरति यतः रत्नत्रयदिव्यनावा ॥ १९१ ॥

**અર્થ :—આ જીવ રત્નત્રયરૂપ દિવ્ય નાવ વડે સંસારથી તરે છે–પાર પામે છે માટે આ જીવ જ રત્નત્રયથી યુક્ત થતો થકો ઉત્તમ તીર્થ છે. ૧૯૧.**

જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ મોક્ષની નૌકા છે. એ સિવાય પુણ્ય પરિણામ તે કાંઈ મોક્ષનું કારણ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ મોક્ષ થાય છે. તેથી જે જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત હોય તે જીવ જ તીર્થ છે. બહારમાં સમ્મેદશિખર વગેરેને તીર્થ કહેવું તે તો વ્યવહારથી છે. જેને અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય-તીર્થ પ્રગટયું છે એવા જ્ઞાનીને અને મુનિઓને પણ બહારમાં તીર્થયાત્રા વગેરેનો શુભ ભાવ આવે છે. અહો! અનંતા તીર્થંકરો અહીંથી મોક્ષ ગયા. અનંતા સંતો અહીં કેવળજ્ઞાન પામ્યા! એ સંતોનાં સ્મરણ પૂર્વક તીર્થયાત્રાનો ભાવ આવે છે તે શુભ રાગ છે, પુણ્ય છે, ને અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે નિશ્ચય-તીર્થ છે, તે મોક્ષનું કારણ છે. અહો! રત્નત્રયરૂપ દિવ્ય નૌકા વડે જીવ સંસારને તરી જાય છે, તેથી જીવ પોતે જ ઉત્તમ તીર્થ છે. જુઓ, જે જીવ આવા રત્નત્રયથી નિરપેક્ષ થઈને એકલા ગુરુચરણની સેવા, વિનય વગેરેથી જ મોક્ષ માને છે, તે જીવોને વિનયમિથ્યાદૃષ્ટિ કહ્યાં છે. અંદર રત્નત્રયને ઓળખતો નથી ને એકલા શુભ રાગથી જ મોક્ષ માનીને ભક્તિ વગેરે કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. આત્માનો જેવો સ્વભાવ સર્વજ્ઞે કહ્યો છે તેવો પોતે શ્રદ્ધાજ્ઞાનમાં લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે તો તે પોતે તરે છે અને ત્યારે પોતાને માટે ભગવાન તારનાર છે એમ કહેવાય.

ભાવાર્થ :—જે તરે તે તીર્થ વા જેનાથી તરીયે તે તીર્થ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય-નાવ (નૌકા) વડે આ જીવ તરે છે તથા અન્યને તરવા માટે નિમિત્ત થાય છે તેથી આ જીવ જ તીર્થ છે.

જેણે પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા નથી તે બીજાને તારવામાં નિમિત્ત પણ થતો નથી, જે પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે છે તે જીવ સંસારથી તરે છે. તેથી તે જીવ ઉત્તમ તીર્થ છે. * [ ક્રમશઃ ]

---

**દેહ–ધન–કુટુમ્બ–આબરું આદિના અશુભ કોલાહલમાં રોકાયો છે તેની તો શું વાત! પણ જે શુભના કોલાહલમાં રોકાઈ ગયો છે તેને આચાર્યદેવ કહે છે કે ભાઈ! એ શુભના કોલાહલથી પણ વિરક્ત થા, ને છ માસ નિશ્ચલ થઈ આત્માનો અભ્યાસ કર, ધ્રુવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદની સન્મુખ એકાગ્રતાનો અભ્યાસ કર. તો જરૂર આત્મપ્રાપ્તિ થશે જ.** —પૂજ્ય ગુરુદેવ

# 卐 જે સિદ્ધભગવંતમાં તે મારામાં 卐

[ શ્રી સમાધિતંત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ સમાધિશતક છે; તેમાં ૧૦૫ શ્લોક છે, માટે શતક કહે છે અથવા સમાધિનું પ્રતિપાદક તેને સમાધિતંત્ર કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાધિ છે. ખાડામાં બેસી જવું તે સમાધિ નથી. અંતર જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેની શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે મોક્ષમાર્ગ છે. તે સમાધિતંત્ર છે. સિદ્ધમાં શરીર, મન, વાણી આદિ નથી. સિદ્ધ તો અનંત જ્ઞાન-દર્શન સંપન્ન છે—એવો હું છું. સિદ્ધમાં રાગદ્વેષ નથી, દયાદાન નથી, ગતિ નથી—એવો હું છું.—એમ પ્રથમ ભેદજ્ઞાન કરાવ્યું. સિદ્ધમાં જે નથી તે મારામાં નથી. સિદ્ધમાં છે તે મારામાં છે. આત્મા આત્માના સ્વરૂપથી જાણવામાં આવે છે. મનુષ્ય આદિ વિભાવિક પર્યાયોથી આત્મા જાણવામાં આવતો નથી. શરીર છે તો આત્મા જાણવામાં આવે છે એમ નથી, અથવા મન છે તો આત્મા જાણવામાં આવે છે એમ નથી, વાણી છે તો આત્મા જાણવામાં આવે છે એમ નથી, કારણ તે આત્માનું રૂપ નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ છે. શરીર અનુકૂળ હોય તો જાણવામાં આવે એમ છે જ નહિ. શરીર, મન, વાણીથી આત્મા જાણ્યો જતો નથી. શરીર, મન, વાણી પર છે. પરથી આત્મા જાણવામાં આવતો નથી, જ્ઞાનથી જાણવામાં આવે છે. શરીર, ગતિ આદિ અનેરી પર્યાયથી આત્મા જાણવામાં આવતો નથી. આત્મા આત્મા વડે જાણ્યો જાય છે. પરને પરરૂપ જાણ્યા જાય છે. અન્યને અન્ય રૂપ જાણ્યા તેથી અન્ય લાભ–નુકસાન કરે નહિ.

પ્રથમ અર્ધા શ્લોકમાં મોક્ષનો ઉપાય કહ્યો. હું સિદ્ધ સમાન છું એમ દેખવું, જાણવું, સ્થિર થવું તે મોક્ષનો ઉપાય છે. મોક્ષ સાદિ અનંત કાળ રહે છે, અવિનાશી અનંતજ્ઞાન સ્વરૂપ છે. મોક્ષમાર્ગનું ફળ મોક્ષ છે. અહીં મનુષ્ય ગતિને અન્ય જાણવી, અન્યને અન્ય જાણવા. મનુષ્ય પર્યાય મળી તો લાભ થયો ને? ના. જેનાથી લાભ માને, તેને જુદો ન માને. સિદ્ધને પુણ્ય, રાગ, ગતિ નથી તેમ આત્મામાં પુણ્ય, ગતિ નથી. ગતિ, શરીર, આદિને અનેરી પર્યાય જાણવી. માટે શરીરથી લાભ થાય એવી માન્યતા છોડવી. નિમિત્ત છે તો આત્મા જાણવામાં આવે છે એમ નથી. ઇંદ્રિય, મન છે તો આત્મા જાણવામાં આવે એમ માને તો ઇંદ્રિય, મનને અનેરારૂપે ન જાણ્યા, પણ સ્વરૂપે જાણ્યા. ભેદજ્ઞાન એમાં થાય છે. શરીર, મન, વાણી અનેરી પર્યાય જાણવી. અનેરી પર્યાયથી લાભ માને તો અભેદ બુદ્ધિ થાય.

શ્રી પૂજ્યપાદ સ્વામીએ પહેલાં અર્ધા શ્લોકમાં મોક્ષનો ઉપાય બતાવ્યો ને બાકીના

અર્ધા શ્લોકમાં મોક્ષનું સ્વરૂપ બતાવ્યું. સિદ્ધ પરમાત્માને—ઇષ્ટ દેવતાને નમસ્કાર કરે છે. સિદ્ધ વ્યવહારથી ઇષ્ટ છે. પોતાનો આત્મા જેવો છે તેવી શ્રદ્ધા-જ્ઞાન કરે તો સિદ્ધ દ્વારા થયું કહેવાય. પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે, તે વિકલ્પથી ભિન્ન છે—એમ જાણે તો નિમિત્ત કહેવાય. હું સિદ્ધ સમાન છું. સિદ્ધમાંથી જે ચીજ નીકળી ગઈ તે અનેરી છે, ને જે ચીજ રહી ગઈ તે સ્વ છે. આમ સિદ્ધ નિમિત્ત છે.

## અનાદિથી અજ્ઞાની પર પદાર્થને ઠીક-અઠીક માને છે.

અનાદિકાળથી ગતિ આદિ પરપદાર્થથી લાભ માને છે એવા ભાવમોહની વાત કરે છે. હું પંડિત છું, હું મૂર્ખ છું એમ અનાદિથી અજ્ઞાની માને છે. પોતાના સ્વરૂપને ભૂલી વિનાશીક પરપદાર્થમાં ભૂલ કરે છે. શરીર ઠીક રહે તો મને ઠીક રહે એમ માને છે. શરીરની રક્ષા કરવા માગે છે. સારા આહાર પાણી મળે તો ઠીક પડશે એમ અનાદિ-કાળથી વિપરીત અભિપ્રાયના સંબંધથી પરને હિતકારી સમજે છે. શરીર, વાણી, પુસ્તક હોય તો ઠીક એમ માને છે. નિમિત્ત અનુકૂળ હોય તો ઠીક એમ માને છે. નિમિત્તથી લાભ માની નિમિત્તને હિતકારી માને; નિમિત્તથી નુકસાન માની, નિમિત્તને અહિતકર માને છે. સંસારનું ભણતર—કેળવણી હિતકર માને છે, લક્ષ્મી, આબરુ, બાહ્ય સાધન, પાંચ ઇંદ્રિયો સારી હોય તો મને ઠીક પડે એમ પર પદાર્થને હિતકર માને છે; તારાથી દેખાય છે તે પર ચીજ નિમિત્તમાત્ર છે. કર્મબંધન છોડાવનારા વૈરાગ્યાદિને દુઃખદાયક માને છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને કઠણ માને છે, એક કલાકના સ્વાધ્યાયમાં કંટાળો આવે છે. સંસારમાં વેપારના કામમાં ઘણો ટાઈમ લગાવે છે ને અહીં કંટાળો આવે છે. આત્માનું જ્ઞાન કરવું, શ્રદ્ધા કરવી ને સ્વ સન્મુખ થઈ લીન થવું તે કષ્ટદાયક માને છે. ખાવા-પીવામાં લહેર માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. પિત્ત જ્વરવાળા રોગીને મીઠું દૂધ કડવું લાગે છે. આત્માની સન્મુખ થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શું ચીજ છે તે સમજવાની દરકાર કરતો નથી. દયા-દાનાદિથી તથા નિમિત્તથી ધર્મ થાય એ વાત તેને બેસે છે. સંસારના બધા પ્રાણી દુઃખને છોડવા માગે છે, સુખને ચાહે છે. દુઃખ ટાળવાનો ઉપાય કરે છે પણ તે ઉપાય વિપરીત છે તેથી સુખી થતો નથી. આત્માની સન્મુખ થઈ તેની વિધિ શું છે તે સમજવું કઠણ લાગે છે, ચાર ગતિના દુઃખથી ડરતો નથી ને મુક્તિ પામતો નથી. ભગવાન આત્મા પરમાનંદ મૂર્તિ છે તેની શ્રદ્ધા-જ્ઞાન-લીનતા એક જ ઉપાય છે, બીજો ઉપાય નથી. રાગમિશ્રિત વિચાર છોડી, નિર્વિકલ્પ પ્રતીતિ, નિર્વિકલ્પ જ્ઞાન ને રમણતા તેને રત્નત્રય કહે છે. તેનાથી કર્મબંધન છૂટી જાય છે. આત્માની સાથે કર્મનો સંબંધ છે તે છૂટી જાય છે, રત્નત્રયની પરમ પ્રકૃષ્ટતા કહી છે. નિર્મળ પર્યાય થઈ માટે કર્મને પરાધીન થઈને છૂટવું પડે છે એમ નથી. તે વ્યવહારનયનું કથન છે. કર્મ કર્મના કારણે છૂટે છે તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિમિત્ત છે. જીવ વિકારથી મુક્ત થાય છે ત્યારે કર્મો કર્મના કારણે છૂટે છે. તારા અવિકારથી કર્મો છૂટે છે એમ તે પરાધીન નથી,

પણ કર્મ છૂટે છે તેમાં નિશ્ચયરત્નત્રય નિમિત્ત છે. અહીં નિમિત્ત બતાવવું છે. આત્મા પોતાની પર્યાયથી પૂર્ણતા પ્રાપ્ત કરે છે.

## સાત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન ને આચરણ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે.

આ આત્માને સદ્ગુરુના ઉપદેશથી આત્માનું સ્વરૂપ જાણવામાં આવે છે અથવા તત્ત્વ નિર્ણયના પૂર્વ સંસ્કારથી આત્માનું સ્વરૂપ જાણવામાં આવે છે. દર્શનમોહનીય આદિ કર્મો આત્માના સ્વરૂપને વિપરીત બનાવતા નથી. પોતે વિપરીત બનાવે છે, તો કર્મને નિમિત્ત કહેવાય છે. શરીરથી લાભ છે એ માન્યતા અરૂપી વિપરીત પર્યાય છે, તેમાં કર્મ નિમિત્ત છે. વળી આત્મા કર્મનો ઉપશમાદિ કરી શકતો નથી, પણ પોતાનો વિપરીત અભિપ્રાય છોડી અવિપરીત અભિપ્રાય કરી શકે છે, સમ્યક્ માન્યતા અરૂપી પર્યાય છે. કર્મ કર્મના કારણે દૂર થાય છે. પોતાનો અભિપ્રાય પોતાના કારણે સમ્યક્ થાય છે. અવિપરીત બુદ્ધિથી વિપરીત બુદ્ધિ છૂટી જાય છે, ત્યારે સાત તત્ત્વોનું જ્ઞાન થાય છે. હું જ્ઞાયક આત્મા છું, દયાદાન પુણ્ય છે, હિંસા, જૂઠું, ચોરી પાપ છે, બન્ને આસ્રવ છે, રાગમાં અટકવું તે બંધ છે, સ્વભાવના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે તે સંવરનિર્જરા છે. પૂર્ણ નિર્મળ પર્યાય મોક્ષ છે. આમ પ્રયોજનભૂત સાત તત્ત્વોની શ્રદ્ધા થાય છે. શરીર મન વાણી પર છે. દયાદાન વિકાર છે. પોતે જ્ઞાન-સ્વભાવી છે. એમ સ્થિરતા કરતાં ચારિત્ર દશા પ્રગટે છે. માટે કર્મબંધન છૂટવાનો અમોઘ ઉપાય આ છે. આત્માથી જુદા શરીર, ગતિ આદિ પરરૂપ જાણવા, પરની દયા, પરની હિંસા, રોટી ખાવી તે ક્રિયા મારાથી થતી નથી, તે અજીવની પર્યાય છે, તે આત્માથી થતી નથી—એમ અજીવ આદિ નવતત્ત્વોની યથાર્થ શ્રદ્ધા—જ્ઞાન કરી, સ્વપદમાં લીનતા કરવાથી કર્મ છૂટે છે. હું જ્ઞાતા સ્વરૂપી છું, એમ લીન થવાથી કર્મ ટળી જાય છે તે આચરણ છે. તે મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે.

## મોક્ષદશા અવિનાશી નિરાકુળ છે.

હવે મોક્ષનું વર્ણન કરે છે. જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી રહિત આત્માની આંત્યતિક અર્થાત્ અંતમાં થવાવાળી અવસ્થાનું નામ મોક્ષ છે. મોક્ષ આત્માની પૂર્ણ શુદ્ધ નિર્મળ પર્યાય છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' આત્માની પૂર્ણ નિર્મળ દશા તે મોક્ષ છે. આત્મા પૂર્ણ શુદ્ધતા પામે છે તે મોક્ષ છે. સ્વભાવમાં શ્રદ્ધા—જ્ઞાન—ચારિત્રની સ્વાભાવિક ક્રિયાથી સહિત તથા પરની તથા રાગની ક્રિયા રહિત દશા તે મોક્ષમાર્ગ છે, તે મોક્ષનું સાધન છે. સિદ્ધમાં બિલકુલ અશુદ્ધતા નથી. કેવળી ભગવાનને તેરમે તથા ચૌદમે ગુણસ્થાનકે જરા અશુદ્ધતા છે. મોક્ષમાં અશુદ્ધતા બિલકુલ નથી. તેમાં ઉપાધિ ભાવ નથી. માટે અધુરાશ નથી. વળી સિદ્ધદશા એવી ને એવી રહે છે. જીવની આ અવસ્થા નિત્ય નિરંજન, નિર્વિકાર, નિરાકુળ છે. સંસાર દશામાં સુખની કલ્પના કરે છે તેમાં બાધા

આવે છે, પણ સિદ્ધમાં પૂર્ણ સુખ છે, તેમાં બાધા નથી. એકલી જ્ઞાનરૂપ અવસ્થા તે સિદ્ધ છે. સિદ્ધમાં આઈસક્રીમ નથી, લાડવા નથી, વાડી નથી; ત્યાં તો એકલા જ્ઞાનની ગાંગડી રહી ગઈ, સમ્યક્ત્વ, અવ્યાબાધ આદિ અનંત પર્યાયનો સમુદાય છે. ગુણ ત્રિકાળી છે, તેની પર્યાય પ્રગટે છે. સિદ્ધ ભગવાન ચરમ શરીરથી કિંચિત્ ન્યૂન છે. છેલ્લું શરીર છૂટે તેનાથી જરા ન્યૂન રહે છે. લોકમાં અગ્રભાગે પોતાના સ્વરૂપમાં રહે છે. બંગલા કે શરીરમાં આત્મા રહેતો નથી. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં રહે છે. નિશ્ચયથી પોતાના અસંખ્ય પ્રદેશમાં રહે છે ને વ્યવહારે લોકાગ્રે રહે છે.

### શુદ્ધ આત્માની પ્રાપ્તિનો ઇચ્છક સિદ્ધને નમસ્કાર કરે છે.

ગ્રંથકર્તા શ્રી પૂજ્યપાદ સ્વામી અવિનાશી અનંત સિદ્ધસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરે છે. સધનના વખાણ કરનારને ધનની ઇચ્છા છે, તેમ અહીં સિદ્ધને નમસ્કાર કરે છે, તો તેમને સિદ્ધપણાની ઇચ્છા છે. સમયસારમાં સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી, સ્થાપના કરી છે. અહીં સિદ્ધને નમસ્કાર કરે છે. ગ્રંથકર્તા, વ્યાખ્યાતા અને શ્રોતા–ત્રણેનો અભિપ્રાય સિદ્ધની સ્થાપના કરવાનો છે. પોતાના શ્રદ્ધા–જ્ઞાન કરવાથી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

શ્રોતા :—બધા સ્વાર્થી થઈ ગયા ?

પૂજ્ય ગુરુદેવ :—કોઈ પરને માટે કરતા નથી. બાપ પુત્ર માટે કરતો નથી. અજ્ઞાની પોતાના માટે રાગદ્વેષ કરે છે. જ્ઞાની પોતાના માટે વીતરાગતા કરે છે. અહીં ગ્રંથકર્તાની શુદ્ધાત્માને પ્રાપ્ત કરવાની ઉત્કૃટ અભિલાષા છે. જેને ગુણની પ્રાપ્તિની ઇચ્છા છે તે, તે ગુણયુક્ત પુરુષને નમસ્કાર કરે છે. જેમ ધનુષ્ય-વિદ્યા શીખવાની ઇચ્છાવાળો ધનુર્વેદી પાસે જાય છે ને નમસ્કાર કરે છે. જેને પરમાત્માની ચાહના છે તે પરમાત્માને સમજીને નમસ્કાર કરે છે. વાસ્તવિકતા, કૃતકૃત્યતા, પૂર્ણતાની દૃષ્ટિથી પરમ દેવપણું સિદ્ધમાં થાય છે. આ શ્લોકમાં અક્ષય અનંત જ્ઞાનાદિ સ્વરૂપ સિદ્ધ પરમાત્માને પ્રથમ નમસ્કાર કરે છે. પાંચ પદ સિદ્ધનો અંશ છે માટે પાંચેને નમસ્કાર આવી જાય છે. [ક્રમશઃ]

—૦—

ભાવ-આસ્રવના પરિણામ નિશ્ચયથી જીવના છે. જીવ તેને ઉત્પન્ન કરે છે તેમ સિદ્ધ કર્યા પછી જ્યારે ચૈતન્યસ્વભાવનો સ્વાનુભવ કરે છે ત્યારે સ્વાનુભવમાં આસ્રવ-ભાવ આવતો નથી, ભિન્ન રહી જાય છે તેથી તેને જીવના કહેવામાં આવતા નથી, પણ પુદ્ગલના લક્ષે થતાં હોવાથી તે ભાવને પુદ્ગલના પરિણામ કહેવામાં આવે છે, તેથી વર્ણાદિથી માંડી રાગાદિ અને ૧૪ ગુણસ્થાનના ભેદોને પુદ્ગલ દ્રવ્યના પરિણામ કહ્યાં છે. ઉદયભાવ છે તે જીવતત્ત્વ છે તે વ્યવહારથી છે, પરમાર્થમાં ઉદયભાવ છે તે અજીવતત્ત્વ છે.

—પૂજ્ય ગુરુદેવ

## 卐 સારભૂત ઉપાદેય તત્ત્વ : "આત્મા" 卐

( શ્રી નિયમસાર–શુદ્ધિભાવ અધિકાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી )

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

અર્થ :—જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત આત્મા આત્માને ઉપાદેય છે. ૩૮.

ટીકા :—આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. છોડવા જેવું શું છે અને ગ્રહણ કરવા જેવું શું છે તે આ ગાથામાં બતાવે છે.

જીવાદિ સાતતત્ત્વોનો રાગરહિત વિચાર પરદ્રવ્ય છે, રાગથી સમ્યગ્દર્શન થતું નથી માટે સાતતત્ત્વો ઉપાદેય નથી.

" જીવાદિ સાતતત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. " આત્મા અનંત ગુણોની પિંડસ્વરૂપ વસ્તુ છે તે જીવ છે, કર્મ અજીવ છે, પર્યાયમાં રાગદ્વેષાદિના પરિણામ થવા તે આસ્રવ છે, જીવ તે પરિણામમાં અટકે છે તે બંધ છે, આત્માના લક્ષે નિર્મળતા થવી તે સંવર, વિશેષ નિર્મળતા થવી તે નિર્જરા, પરિપૂર્ણ નિર્મળતા તે મોક્ષ છે. આ સાત તત્ત્વોને અહીં પરદ્રવ્ય કહ્યા છે.

જીવ :—હું જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંત ગુણોનો પિંડ શુદ્ધ જીવ છું. કર્મ શરીર વગેરે અજીવ છે. હું તે રૂપે નથી. સંસારદશામાં રાગદ્વેષાદિના પરિણામ થાય છે પણ તે હું નથી, હું તો જ્ઞાન સ્વરૂપ છું, સંવર, નિર્જરા અને મોક્ષ પણ પર્યાય છે, એટલો હું નથી. હું તો અનાદિ અનંત એકરૂપ શુદ્ધ કારણપરમાત્મા છું, મારા શુદ્ધ કારણપરમાત્માના આધારે સંવર, નિર્જરા તથા કેવળજ્ઞાનાદિની કાર્યશુદ્ધદશા પ્રગટ થાય છે—એવો હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, કારણપરમાત્મા છું—એમ મનના સંબંધે રાગ રહિત પોતાના જીવનો વિચાર કરવો—તે રાગ સહિત જીવતત્ત્વને હેય કહેલ છે. ચૈતન્ય-સ્વભાવીનો આશ્રય નહિ લેતાં, રાગમિશ્રિત વિચારથી રાગમાં રોકાય છે, માટે તે જીવતત્ત્વને આદરણીય કહેલ નથી.

સાત તત્ત્વો જુદે જુદાં છે એમ જ્ઞાન કરવા માટે પ્રથમ રાગની વૃત્તિ ઊઠે પણ સમ્યગ્દર્શનનું ધ્યેય અથવા વિષય રાગ નથી, રાગથી પુણ્ય બંધ થાય છે, સમ્યગ્દર્શન થતું નથી માટે તેને હેય ગણેલ છે.

કારણશુદ્ધપરમાત્મા જે મોક્ષનો આધાર છે, જે સ્વભાવભાવ છે તેના રાગમિશ્રિત

વિચારને પણ હેય ગણ્યો છે, આદરવા જેવો કહ્યો નથી તો પછી દયા, દાન, વ્રતાદિના પરિણામ તો હેય જ છે—આદરણીય નથી, એ વાત તેમાં આવી જાય છે.

અન્યમતવાળા જીવનું સ્વરૂપ અન્યથા કહે છે. બધા થઈને એક જીવ કહે તેવા જીવની તો વાત નથી. તીર્થંકર ભગવાને કહેલા જીવનું સ્વરૂપ યથાર્થ માને છે તેની વાત કરે છે. દયાદાનાદિના પરિણામ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી આદિના પરિણામ પાપ છે—બન્ને આસ્રવ છે, તેમાં અટકે તે બંધ છે, તેનાથી રહિત ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય-સ્વભાવ એકરૂપ પરમપારિણામિકસ્વભાવભાવ-તેના દ્રવ્ય શુદ્ધ, ગુણો શુદ્ધ ને તેની વર્તમાન પર્યાય-કારણશુદ્ધપર્યાય પણ શુદ્ધ એવા પરમપારિણામિકસ્વભાવભાવે વર્તતા શુદ્ધ જીવતત્ત્વને જે માને છે તેની વાત છે. અજીવ આદિ છ તત્ત્વોથી જુદો છું, મોક્ષપર્યાય કોઈ નિમિત્તને લીધે, પુણ્યને લીધે પ્રગટતી નથી પણ ત્રિકાળ શુદ્ધ પરમપારિણામિકભાવના આધારે પ્રગટે છે, એવું શુદ્ધ જીવતત્ત્વ છે. વળી તે અસંખ્ય પ્રદેશી છે, તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વાદિ અનંતા ગુણો છે. દરેક ગુણની સમયે સમયે પર્યાય થાય છે. એવી અનંતી પર્યાય સહિત આખો આત્મા છે. જેમાંથી મોક્ષરૂપી કાર્ય પ્રગટે છે તે કારણ-શુદ્ધ પરમાત્મા તે શુદ્ધ જીવતત્ત્વ છે. આવા શુદ્ધ જીવતત્ત્વના રાગમિશ્રિત વિચારમાં અટકવું તે પુણ્ય બંધનું કારણ છે, ધર્મનું કારણ નથી. રાગ પરદ્રવ્ય છે ને તેમાં કર્મનો નિમિત્તરૂપ સંબંધ આવે છે તેથી રાગસહિતના જીવને પરદ્રવ્ય ગણી હેય કહેલ છે. બીજા જીવની વાત નથી. પોતાના જીવની રાગસહિત વિચારણા કરવી તે ઉપાદેય નથી. કારણ કે રાગના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી તો પછી દયાદાનાદિથી કે શરીરની ક્રિયાથી ધર્મ થાય તે વાત તો ઘણી દૂર છે. સમ્યગ્દર્શનનો વિષય રાગરહિત શુદ્ધ જીવ છે, રાગરહિત શુદ્ધ જીવનું અવલંબન કરવા જેવું છે. ગમે તેવો શુભ રાગ પણ હેય છે—એમ કહેવું છે. કેવળી ભગવંત તથા ગુરુ વગેરે પર જીવો છે. તેમના સંબંધી વિચારની વાત નથી કારણ કે તે જીવો આ રાગથી તદ્દન જુદા છે. કેવળી અને ગુરુથી જુદો હું જીવ છું એવા સ્વજીવનો વિકલ્પ હેય છે. આ અપેક્ષાએ જીવતત્ત્વને હેય કહ્યું છે.

અજીવ :–શરીર, કર્મ શાસ્ત્ર વગેરે અજીવ છે–જડ છે. તે દ્રવ્ય અજીવ છે, તેના ગુણો અને પર્યાયો પણ અજીવ છે. અજીવની પર્યાય જીવ કરે ને જીવની પર્યાય અજીવ કરે એવી માન્યતાવાળાને જીવ–અજીવની વ્યવહારશ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી. કર્મ, શરીર, વાણી, શાસ્ત્ર, રોટલો, દાળ, ભાત વગેરે બધા અજીવ પદાર્થોની પર્યાય અજીવના કારણે થાય છે, જીવની ઇચ્છાને લીધે તે થતી નથી. આત્મા છે તો ભાષા બોલાય છે—એમ માને તેને અજીવતત્ત્વની વ્યવહાર શ્રદ્ધા થશે નહિ. અહીં તો અજીવથી જીવને લાભ માને નહિ, વાણીથી જ્ઞાન થાય તેમ માને નહિ, અજીવનાં દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે, એમ જે અજીવને રાગસહિત સ્વીકારે છે તે પણ હેય છે—ઉપાદેય નથી. કારણ કે અજીવ

આવું છે એમ અજીવના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે, સમ્યગ્દર્શન થતું નથી મા
રાગસહિત અજીવદ્રવ્યનો વિચાર કરવો તે ઉપાદેય નથી.

**આસ્રવ** :—જીવની પર્યાયમાં થતા દયા-દાનાદિકના પરિણામ પુણ્ય છે, જૂઠું, ચોરીન ભાવ પાપ છે. બન્ને આસ્રવ છે. એકલા પાપને આસ્રવ માને અને પુણ્યને આસ્રવ માને, પુણ્યથી સંવર માને તેની તો વ્યવહાર-શ્રદ્ધા પણ સાચી નથી. આસ્રવથી જીવને લાભ ન માને. આસ્રવથી સંવર-નિર્જરા ન માને, જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે પણ આસ્રવ છે, આસ્રવ તે વિકાર છે, તે આત્માનું ખરું સ્વરૂપ નથી. તે જીવમાંથી ટળી જાય છે માટે તે પરદ્રવ્ય છે. તેથી હેય છે–છોડવા યોગ્ય છે. જે પુણ્યથી ધર્મ માને તેની તો વાત છે જ નહિ પણ પુણ્યથી ધર્મ નથી, તે બંધનું કારણ છે એમ રાગથી વિચાર કરે છે તે પરદ્રવ્ય છે, ચૈતન્યદ્રવ્ય નથી. ચૈતન્યદ્રવ્ય તો અનાદિઅનંત એકરૂપ રહે તે છે. તેમાં જેટલો વિકાર થાય તેને પરદ્રવ્ય ગણી હેય કહેલ છે.

**બંધ** :—જીવ પોતાની પર્યાયમાં થતા દયા-દાનાદિમાં અટકે છે તે ભાવબંધ છે. તેનું નિમિત્ત પામીને કર્મનો બંધ પડે છે તે દ્રવ્યબંધ છે. બન્ને પરદ્રવ્ય છે, આત્મદ્રવ્ય નથી. તેથી તેને હેય કહેલ છે.

**સંવર–નિર્જરા** :—સંવર નિર્જરા આત્માના આશ્રયે પ્રગટતી નિર્મળ પર્યાયો છે, તે પર્યાયોના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટતી નથી, વધતી નથી. પર્યાયનો આશ્રય લેવા જતાં રાગની ઉત્પત્તિ થાય છે. ધર્મની પર્યાય ધર્મની પર્યાયના આધારે પ્રગટતી નથી પણ ધર્મી એવા શુદ્ધ દ્રવ્યના આધારે પ્રગટે છે.

છઠ્ઠે ગુણસ્થાને મુનિને ચારિત્રદશા પ્રગટી છે તે ચારિત્રની પ્રગટેલી પર્યાયના આધારે ચારિત્ર પ્રગટતું નથી, વધતું નથી. એકરૂપ શુદ્ધ સ્વભાવના આધારે તે પ્રગટે છે ને વધે છે. સંવર-નિર્જરારૂપ પર્યાયના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે તેથી તેને પરદ્રવ્ય ગણી હેય કહેલ છે.

**મોક્ષ** :–આત્માના આશ્રયે પ્રગટ થતી પૂરી નિર્મળ પર્યાય તે મોક્ષ છે. સાધક જીવને વર્તમાનમાં તે પ્રગટ નથી. જે પર્યાય પ્રગટ નથી તેનો વિચાર કરવા જતાં રાગની ઉત્પત્તિ થાય છે. આ અપેક્ષાએ તેને પરદ્રવ્ય કહેલ છે. સંવર, નિર્જરા, મોક્ષ તે પર્યાય છે. પર્યાય અંશ છે. અંશ અંશીમાંથી આવે છે પણ અંશ અંશમાંથી આવતો નથી. પર્યાયનો આશ્રય લેવા જતાં વિકલ્પ ઊઠે છે તેથી તેને પરદ્રવ્ય ગણી હેય કહેલ છે.

આ પ્રમાણે સાતે તત્ત્વોનો રાગમિશ્રિત વિચાર કરવો તે આદરણીય નથી, હેય છે. સિદ્ધો, કેવળીઓ આ જીવ માટે પરજીવ છે. હું જીવ છું એવો વિકલ્પ પણ આદરણીય નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય કરાવવા માટે આદરણીય નથી. આ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. જે જીવ સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર તથા સાત તત્ત્વોને વ્યવહારે પણ માનતા

નથી, તેની તો વાત છે જ નહિ. અહીં તો સાચા દેવ, નિર્ગ્રંથ ગુરુ ને સર્વજ્ઞની વાણીની પરંપરાથી રચાયેલા શાસ્ત્રોને વ્યવહારે માને છે, તેવો જીવ સાત તત્ત્વોનો રાગસહિત વિચાર કરે, તો તે પણ આદરણીય નથી પણ હેય છે—છોડવા જેવા છે. ધર્મી જીવને શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટેલી વીતરાગી પર્યાય—શુદ્ધ રત્નત્રય પણ પર્યાય છે—તેના આશ્રયે પણ વિકલ્પ ઊઠે છે માટે તેને પણ પરદ્રવ્ય ગણી ઉપાદેય નથી એમ કહ્યું છે. શુદ્ધ આત્મા જ એક ધર્મનું કારણ છે. તેને જ ઉપાદેય કહેશે.

વૈરાગ્યવંત તીક્ષ્ણબુદ્ધિવાળા નિર્ગ્રંથ મુનિને 'આત્મા' ખરેખર ઉપાદેય છે. કેવા છે તે મુનિઓ ?

"સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે, પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઇંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમ જિન યોગીશ્વર છે, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે—એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે."

પ્રથમ સાત તત્ત્વો પરદ્રવ્ય હોવાથી ઉપાદેય નથી એમ કહ્યું હતું. હવે આત્મા ખરેખર ઉપાદેય છે. એમ કહે છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે—હવે પછી તેની વ્યાખ્યા કરશે. આત્મા ઉપાદેય છે એમ વાત મુખ્યપણે મુનિને લક્ષમાં રાખીને કરેલ છે. કારણ કે કુંદકુંદાચાર્ય ભગવાન ને પદ્મપ્રભમલધારિદેવ બન્ને ભાવલિંગી સમર્થ મુનિ હતા. તે મુનિ કેવા છે ?

**(૧) સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે :—** આત્માના ભાન સહિત મુનિઓ પોતાના સ્વરૂપની અંતર-રમણતામાં હજારો વાર ઝૂલે છે. આનંદકંદમાં ઝૂલતા, અમૃતરસનો અનુભવ લ્યે છે. સહજ સ્વાભાવિક વૈરાગ્યવાળા છે, હઠપૂર્વક વૈરાગ્યવાળા નથી અથવા મોહગર્ભિત વૈરાગ્ય નથી. સ્વાભાવિક વૈરાગ્યવાળા છે. પરનિમિત્તોથી, શુભભાવથી, પાંચ મહાવ્રતાદિના પરિણામથી ઉદાસ છે, શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે. અજ્ઞાની જીવો કહે છે કે 'બૈરા-છોકરાં સંસારનું કારણ છે માટે તેના પ્રત્યે તીવ્ર દ્વેષ કરી હેયબુદ્ધિ કરવી કે જેથી તેને સુખનું કારણ માનવાનું છૂટી જાય ને વૈરાગ્ય થાય' આમ માનનાર જીવ અનંતાનુબંધીના તીવ્ર દ્વેષ સહિત મિથ્યાદષ્ટિ છે. મુનિઓને પરદ્રવ્ય તો જ્ઞેય છે. તેઓ કોઈપણ દ્રવ્યને લાભ-નુકસાન કારક માનતા નથી. સહજ સ્વભાવમાં લીનતા વધતાં સ્વાભાવિક વૈરાગ્ય વર્તે ને બાહ્ય-અભ્યંતર પરિગ્રહરહિત નિર્ગ્રંથદશા વર્તે છે. તેવા મુનિ વૈરાગ્યરૂપી મહેલના શિખરના ચૂડામણિ સમાન છે એટલે કે તેમને ઘણી વૈરાગ્યદશા વર્તે છે.

**(૨) પરદ્રવ્ય જે પરાઙ્મુખ છે:—** હું આત્મા પરિપૂર્ણ છું એવા જીવના રાગસહિત વિકલ્પ, અજીવની ક્રિયા અજીવથી થાય, હું શુદ્ધ કારણ પરમાત્મા છું, મારા કારણે અજીવમાં કાંઈ પણ ન થાય, મારા કારણે તો નિર્મળ પર્યાય પ્રગટે એવા સાત તત્ત્વોના

જુદા જુદા વિકલ્પોરૂપી પરદ્રવ્યથી મુનિઓ ઉદાસ છે. તે વિકલ્પો પ્રત્યે તેઓને સન્મુખતા નથી. એવા ભાવલિંગી મુનિઓ વિકલ્પથી પણ ઉદાસ છે. તો પછી બાહ્ય પદાર્થો પ્રત્યે અત્યન્ત ઉદાસ જ છે. તેમને વસ્ત્રનો પરિગ્રહ હોતો નથી. વસ્ત્રસહિત મુનિપણું માને તે મિથ્યાદૃષ્ટિ છે. મુનિને બાહ્ય-અભ્યંતર નિર્ગ્રંથદશા વર્તે છે. આવો ત્રણે કાળે અબાધિત નિયમ છે.

**(૩) પાંચ ઇંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે :—** પોતાની ભાવ ઇંદ્રિયો પરપદાર્થોનો વિષય કરી ખંડખંડ થતી નથી, સ્વાભાવ તરફ મુખ્યપણે ઢળેલ છે. પર તરફ જતાં જ્ઞાન સંકોચ પામતું હતું તે હવે સ્વભાવ તરફ વળી વિકાસ પામે છે. જેમને દેહમાત્ર પરિગ્રહ છે. મોરપીંછ, કમંડળ તો જ્યારે તેના ઉપર લક્ષ જાય છે ત્યારે હોય છે તેથી તેને અપવાદિક પરિગ્રહમાં ગણેલ છે. દેહ પણ અપવાદિક છે, પણ આયુષ્ય સુધી કાયમ સાથે રહે છે, છોડ્યું જાય તેવું નથી તેથી શરીર એકને પરિગ્રહમાં ગણેલ છે. આવા મુનિઓને શરીર ઉપરનો રાગ ઘણો છૂટી ગયો છે, તેથી શરીરને ટાઢ-તડકાથી બચાવવા વસ્ત્ર લઉં કે મૂકું તેવો વિકલ્પ સહજ જ ઊઠતો નથી તેથી બાહ્ય નગ્ન દિગંબરદશા વર્તે છે.

**(૪) જે પરમ જિનયોગીશ્વર છે :—** મુનિઓ આત્માના સ્વભાવમાં ઉત્કૃષ્ટપણે લીનતા કરી સ્વરૂપને સાધી રહ્યા છે. ચોથા ગુણસ્થાને આત્માનું ભાન થયું એટલે સમ્યગ્દૃષ્ટિ પણ યોગી છે પરંતુ સ્વરૂપમાં વિશેષ લીનતા નથી. મુનિઓ તો આત્માના સ્વરૂપમાં વારંવાર લીન છે તેથી તેમને યોગીશ્વર કહ્યા. અન્યમતવાળા વૈરાગી જીવો અમુક પ્રકારનું ધ્યાન કરે છે માટે યોગી કહેવડાવે છે, તે ખરેખર યોગી નથી પણ યોગાભાસી છે. એટલા માટે અહીં જિનયોગીશ્વર કહેલ છે. જેને આત્માનું ભાન નથી તેને યોગ હોય નહિ. આ જગતમાં બધા થઈને એક જીવ નથી, અનંતા જીવો છે, દરેક જુદે જુદા છે. દરેક જીવમાં જ્ઞાન, દર્શન ચારિત્ર, અસ્તિત્વ વગેરે અનંતા ગુણો છે, તેનું ભાન ચૂકે છે માટે સંસારમાં વિકારદશા પર્યાયમાં એક સમય પૂરતી પોતાના કારણે થાય છે, પરને લીધે નહિ, એવી દર સમયે અનંતી પર્યાયો થાય છે. તેમાં કર્મ નિમિત્ત છે. કર્મરૂપે પરિણમવાને લાયક સ્કંધો છે. તેના દ્રવ્ય ગુણ પર્યાય સમજવાં જોઈએ. વગેરે અનેક પ્રકારે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. વ્યવહારે પણ વસ્તુનું સ્વરૂપ માન્યા વિના યોગ નામ કહે પણ તે યોગાભાસ છે. અહીં તો આત્માના ભાન સહિત પોતામાં અંતર પર્યાયને ઉત્કૃષ્ટપણે જોડાણ કરે છે તે યોગીશ્વર છે.

**(૫) સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે :—** હું શુદ્ધ જીવતત્ત્વ છું, કર્મ ને શરીર અજીવ છે વગેરે સાત તત્ત્વોનો વિકલ્પ તે પરદ્રવ્ય છે. રાગ તરફની વૃત્તિ તૂટી છે, અજીવ (કર્મ) નિમિત્તનું કે પુણ્ય-પાપનું અવલંબન નથી, પણ સ્વદ્રવ્યનું અવલંબન વર્તે છે.

એકલા સ્વદ્રવ્યમાં જ્ઞાનને ઉગ્ર કરી અંતર ગુપ્ત થઈ ગયા છે ને છઠ્ઠે ગુણસ્થાને કોઈવાર ભિક્ષાનો કે ઉપદેશનો વિકલ્પ ઊઠે છતાં પણ તે વિકલ્પથી અત્યંત પરાઙ્‌મુખ છે. વિકલ્પરૂપી પરદ્રવ્યથી અભાવરૂપે ને પોતાના જ્ઞાનસ્વભાવરૂપે સમયે સમયે પરિણમી રહ્યા છે. છ સાતમે ગુણસ્થાને હજારો વાર ઝૂલે છે. છઠ્ઠે વિકલ્પ ઊઠે છે પણ તેનાથી અત્યંત પરાઙ્‌મુખ છે. કોઈ વાર સાતતત્ત્વોનો વિકલ્પ હોય છતાં તેનાથી અત્યંત પરાઙ્‌મુખ છે. ત્રિકાળી જ્ઞાનસ્વસ્ભાવની અસ્તિરૂપ પરિણમન અને સાત તત્ત્વોનાં વિકલ્પના અભાવરૂપ પરિણમન થઈ રહ્યું છે. પરદ્રવ્યોથી પરાઙ્‌મુખ કહી નાસ્તિથી કથન કરેલ છે. અહીં સ્વભાવમાં તીક્ષ્ણબુદ્ધિ છે એમ કહી અસ્તિથી કથન કરેલ છે. અસ્તિ–નાસ્તિ બન્ને એક સમયમાં છે.

**તત્ત્વાર્થસૂત્રમાં સાતતત્ત્વોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું ને અહીં સાતે તત્ત્વોને હેય કેમ કહ્યાં?**

ઉમાસ્વામી મહારાજે તત્ત્વાર્થસૂત્રમાં તેમજ પંડિત ટોડરમલ્લજીએ સાત તત્ત્વો અથવા નવ તત્ત્વોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે તે વ્યવહાર સમ્યગ્દર્શનની વાત નથી પણ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે, તો અહીં કોઈ પ્રશ્ન કરે કે અહીં તો સાત તત્ત્વોને પરદ્રવ્ય ગણી હેય કહ્યા છે તો એ બે કથનને મેળ કેવી રીતે છે? તેનું સમાધાનઃ—

અહીં નિયમસારમાં સાતતત્ત્વોને પરદ્રવ્ય ગણી હેય કહ્યા તે રાગસહિતની શ્રદ્ધાને હેય કહેલ છે. કારણ કે તેમાં વિકલ્પ ઊઠે છે ને વિકલ્પથી સમ્યગ્દર્શન થતું નથી તેથી હેય કહ્યાં. જ્યારે તત્ત્વાર્થસૂત્રમાં કહેલ છે તે રાગરહિત નવતત્ત્વની શ્રદ્ધા કહી છે. ધર્મી જીવ પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન કરી સ્વ અસ્તિરૂપે પરિણમે છે ત્યારે સાત તત્ત્વોના વિકલ્પનું પરિણમન નાસ્તિરૂપ થઈ રહ્યું છે એટલે તેમાં સાતેનું નિર્વિકલ્પ જ્ઞાન આવી જાય છે. સાત તત્ત્વની સામે જુદું જુદું જોતા આત્માનું કે સાતનું યથાર્થ જ્ઞાન થતું નથી પણ સ્વની અસ્તિમાં પરિણમન થતાં ને સાતેના વિકલ્પના અભાવરૂપે પરિણમન થતાં સ્વનું યથાર્થ જ્ઞાન થતાં સ્વપરપ્રકાશકસ્વભાવને લીધે સાતેનું જ્ઞાન આવી જાય છે. આ અપેક્ષાએ સાત અથવા નવ તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે તે બરાબર છે.

આ પ્રમાણે, મુનિ વૈરાગ્યવાળા ઉપશમરસમાં ઝૂલે છે, સ્વભાવમાં તરબોળ થઈ ગયા છે. જેમ પૂરણપોળી ઘીમાં ઝબોળવાથી તરબોળ થઈ જાય છે, તેમ મુનિ આત્મરસમાં અકષાયરસમાં તરબોળ છે. અમૃતના ઝરણાં–શાંતિના ઝરણા ફૂટે છે. તેવા શાંત રસવાળા મુનિને સાતતત્ત્વના વિકલ્પ વિનાનો આત્મા ખરેખર ઉપાદેય છે. પ્રથમ સાતતત્ત્વ રાગસહિત હોવાથી ઉપાદેય નથી એમ કહ્યું હતું. અહીં આત્મા ઉપાદેય છે એમ બતાવી અસ્તિ–નાસ્તિ કહેલ છે. આમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા, વૈરાગ્યની વ્યાખ્યા, પરિગ્રહની વ્યાખ્યા, ઇંદ્રિયો કેવી વર્તે, ત્રિકાળી સ્વભાવ તથા સાતતત્ત્વ વગેરે ઘણી વાત ટૂંકામાં કહી દીધી છે. આ પ્રમાણે મુનિઓને "આત્મા" ખરેખર ઉપાદેય છે તે આત્મા કારણ-પરમાત્મા કેવો છે તે હવે પછી કહેશે. —૦— [ક્રમશઃ]

## સુવર્ણપુરી સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છત્રછાયામાં, રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે. સવારે જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરહસ્યપ્રકાશક ટેપ-પ્રવચન, શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી કળશટીકા ઉપર શાસ્ત્ર વાંચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ ઉપર ભાવવાહીશૈલીયુક્ત આધ્યાત્મિક ટેપ-પ્રવચન—એ રીતે નિયમિત કાર્યક્રમ ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન શુદ્ધાત્મસાધના સહિત કુશળતાપૂર્વક બિરાજી રહ્યા છે, શારીરિક સ્વાસ્થ્ય યથાવત્ ઠીક છે. તેમના પાવન દર્શન તેમ જ તેઓની અધ્યાત્મરસભરી નિશ્ચયવ્યવહારની સંધિયુક્ત ગુરુભક્તિભીની સ્વાનુભવરસ ઝરતી અમૃતવાણીનો અનુપમ લાભ મહેમાનોને તેમજ મુમુક્ષુ સમાજને યથાસમય મળતો રહે છે.

* તા. ૨૮-૧-૮૯ બુધવારના રોજ શ્રી નંદીશ્વર-જિનાલયમાં બિરાજમાન મૂલનાયક શ્રી આદિનાથ ભગવાન સમક્ષ 'શ્રી ઋષભનિર્વાણ' વાર્ષિક ઉત્સવ વિશેષ પૂજા-ભક્તિપૂર્વક ઉજવવામાં આવશે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૫૫ મી સમ્યક્ત્વજયંતી—ફાગણ વદ ૧૦—નો પાંચ દિવસનો મંગલ મહોત્સવ તા. ૨૦-૩-૮૭ થી તા. ૨૪-૩-૮૭ સુધી સમ્યક્ત્વ-આરાધનાની વિશેષ મહિમાપૂર્વક તેમ જ મંડળ-વિધાન-પૂજા-ભક્તિ, તત્ત્વ-જ્ઞાનની ઉપાસના આદિ વિવિધ સમારોહપૂર્વક શ્રી વાંકાનેર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ તરફથી સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે.

### * મલાડ (મુંબઈ)માં ભવ્ય ધાર્મિક આયોજન *

શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ (મલાડ-મુંબઈ) દ્વારા, સોનગઢના સંત પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રેરિત શ્રી ઋષભદેવ ભગવાન દિગંબર જિનમંદિર (મલાડ)માં તા. ૨૪-૧૨-૮૬ થી તા. ૧-૧-૮૭—નવ દિવસનો 'ધાતકી-દ્વીપ-વિદેહના ભાવી તીર્થંકર'ના ધાતુનિર્મિત વીતરાગભાવવાહી જિનબિંબની—જેની શુદ્ધામ્નાયાનુસાર વિધિપૂર્વક પંચકલ્યાણક-પ્રતિષ્ઠા સં. ૨૦૪૧ માં પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીની પવિત્ર સાધનાભૂમિ સોનગઢમાં, તદ્ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલવર્ષિણી ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી તેની—મલાડના ઉક્ત 'શ્રી ઋષભદેવ ભગવાન દિગંબર જિનમંદિર'માં મંગલ સ્થાપનાનો પ્રથમ વાર્ષિક-મહોત્સવ તથા અધ્યાત્મ-વ્યાખ્યાનમાળા તેમ જ ધાર્મિક શિક્ષણશિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું;

જે પૂજ્ય ગુરુદેવશ્રીના પુનીત પ્રભાવથી તેમ જ પૂજ્ય બહેનશ્રીના પવિત્ર આશીર્વાદથી સુચારુરૂપે તેમ જ પ્રભાવનાપૂર્વક સમ્પન્ન થયો હતો.

આ મનોજ્ઞ આયોજનના અવસરે તા. ૨૮–૧૨–૮૬ ના રોજ ' શ્રી કહાનગુરુ–પરિવાર–મુમુક્ષુ–સંમેલન ' રાખવામાં આવ્યું હતું, જે ઘણું સફળ રહ્યું હતું. બૃહદ્ મુંબઈ શહેરમાં રહેનારા, પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા અધ્યાત્મ–તીર્થ સોનગઢ પ્રતિ શ્રદ્ધા–ભક્તિથી સમર્પિત હૃદયવાળા તેમ જ તેમના સમર્થક ૨૦૦૦થી અધિક ' કહાન–પરિવાર–મુમુક્ષુઓ 'નું ગુરુભક્તિભીનું સ્નેહમિલન થયું હતું. આ પુનીત અવસરે શ્રી શશીકાંતભાઈ શેઠે ( ભાવનગર ) પૂજ્ય ગુરુદેવ તેમ જ બહેનશ્રીના અનુપમ–ઉપકાર–મહિમા દ્રવિત હૃદયે તેમ જ ભાવવાહી ગદ્‌ગદ્‌સ્વરમાં વ્યક્ત કર્યો હતો, જેનો ઉપસ્થિત મુમુક્ષુસમાજ પર સારો પ્રભાવ પડયો હતો; સાંભળીને બધા સહૃદય મુમુક્ષુઓના નેત્રો અશ્રુભીના થયા હતા. હૃદય ભરાય જવાથી તેઓ પોતાનું વક્તવ્ય પૂરું ન કરી શકયા. શ્રી ચીમનલાલભાઈ ઠાકરશીભાઈ મોદીએ તેમની પૂર્તિ કરી, જેનાથી સમસ્ત સમાજ અત્યંત પ્રભાવિત થયો.

અધ્યાત્મ–વ્યાખ્યાનમાળા તેમ જ શિબિરમાં વિદ્વાન સર્વશ્રી રાજકોટના અધ્યાત્મ-તત્ત્વપ્રેમી ડૅા. પ્રવિણભાઈ દોશી ( (F. R. C. S. LONDON), શશીકાંતભાઈ મનસુખલાલ શેઠ—ભાવનગર, બ્ર. વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહ–વઢવાણ, શ્રી પદ્મચંદજી જૈન—આગરા આદિ મહાનુભાવોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો.

* ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થવાની ખુશાલીમાં :—

રૂા. ૫૦૫૨/– શ્રી શાંતિલાલ દલીચંદ શાહ (કલકત્તા) અને પરિવાર,

રૂા. ૫૦૦૫/– શ્રી શાંતિલાલ દેવજીભાઈ શાહ ( નાઇરોબી )
હસ્તે હસમુખભાઈ તથા તારાબહેન

રૂા. ૫૦૦૧/– શ્રી ચિમનલાલ દીપચંદ શાહ ( હૈદરાબાદ ) અને પરિવાર

—તરફથી શ્રી પંચમેરુનંદીશ્વર જિનાલય આદિ વિભિન્ન ખાતાઓમાં જાહેર કરવામાં આવ્યા હતા.

—૦—

સ્વભાવ અને રાગ સાથે અજ્ઞાનીએ ગાંઠ બાંધી છે, તે ગાંઠને એક ક્ષણ પણ એ તોડે તો રાગથી જુદો પરમાત્મા તેના હાથમાં—અનુભવમાં આવે છે. વિકલ્પ અને નિર્વિકલ્પતાની વચમાં એણે તાળા માર્યા છે તેને એકવાર ખોલે તો નિર્વિકલ્પ પરમાત્મા તેના અનુભવમાં આવે છે.

—પૂજ્ય ગુરુદેવ

## વૈરાગ્ય સમાચાર :—

* રાજકોટનિવાસી ( હાલ સોનગઢ ) શ્રી શાંતિલાલ રેવાશંકર શાહ ( વર્ષ–૮૧ ) ( કે જેમણે શ્રી જીવરાજજી મહારાજની ઘણી સેવા કરી હતી ) તા. ૧–૧૨–૮૬ ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી શ્રી છોટાલાલ દલીચંદ દોઢીવાળા ( વર્ષ–૬૩ ) તા. ૨–૧૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી તલકચંદભાઈ જીવરાજભાઈ ( વર્ષ–૬૭ ) તા. ૯–૧૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લંડનનિવાસી મણીબેન રામજીભાઈ ( વર્ષ–૬૦ ) તા. ૧૦–૧૨–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી જયંતિભાઈ સાકળચંદભાઈ સંઘવી ( વર્ષ–૭૭ ) તા. ૧૮–૧૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી શ્રી દયાકુંવરબેન મોતીચંદ મહેતા માગશર વદી ૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોમ્બાસાનિવાસી શ્રી કિશોરભાઈ રતીલાલ શાહ ( વર્ષ–૫૧ ) ( તે જામનગર મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી ખેતશીભાઈના જમાઈ ) તા. ૨૦–૧૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી શ્રી સમજુબેન ચીમનલાલ શાહ ( વર્ષ–૮૦ ) તા. ૨૮–૧૨–૭૬ના રોજ ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી શ્રી લીલાધર સુખલાલ માસ્તર ( વર્ષ–૮૦ લગભગ ) તા. ૩૧–૧૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અડતાળાનિવાસી ( હાલ સોનગઢ ) શ્રી જગજીવન કાળીદાસ શાહ ( વર્ષ–૮૮ ) ( તે શ્રી બ્ર. ગુણવંતીબેન અજમેરાના દાદા ) તા. ૩૧–૧–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા પંદરેક વર્ષથી સંપૂર્ણ નિવૃત્તપણે સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મવાણીનો લાભ લીધો હતો. તેઓ ઘણા જ સરળ અને ભદ્રિક સ્વભાવના હતા.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વજિજ્ઞાસુ હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નત્તિ પામો એ જ ભાવના.

—૦—

# 卐 ભવના અભાવની વાત 卐

તળ સ્પર્શ્યું તેને બહાર થોથું લાગે છે. ચૈતન્યના તળમાં પહોંચી ગયો તે ચૈતન્યની વિભૂતિમાં પહોંચી ગયો. ૩૨૬.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

'તળ સ્પર્શ્યું તેને બહાર થોથું લાગે છે.'

આનંદના નાથ નિજ પ્રભુ ધ્રુવ જ્ઞાયક આત્માને જેણે દૃષ્ટિમાં પકડ્યો તેને બહારનું બધું—દયા-દાન, વ્રત-તપ, પૂજા-ભક્તિ વગેરેના વિકલ્પો તથા ક્રિયા બધું—થોથું લાગે છે. 'તળ સ્પર્શ્યું' એટલે શું ? 'સ્પર્શવું' તે પોતે તો શ્રદ્ધા, જ્ઞાન ને અનુભૂતિની નિર્મળ પર્યાય છે. જેમાં ત્રિકાળી ધ્રુવ અનંત શક્તિઓનો માલ પડ્યો છે, જેમાં અનંત સહજ જ્ઞાન, અનંત સહજ દર્શન, અનંત સહજ આનંદ, અનંત સહજ શાન્તિ, અનંત સહજ સ્વચ્છતા અને અનંત સહજ પ્રભુતા આદિ અનંત સહજ ગુણોનો ખજાનો ભરપૂર ભરેલો છે એવા નિજ જ્ઞાયક ધ્રુવ દ્રવ્યસ્વભાવની—ચૈતન્યતળની—જેને દૃષ્ટિ થઈ, સાનુભવ સ્પર્શના થઈ, તેને બહાર બધું થોથું લાગે છે, નિઃસાર, ફોતરાં જેવું તુચ્છ લાગે છે. અશુભથી બચવા માટે અનેક પ્રકારના શુભભાવ આવે, તત્ત્વસંબંધી વિકલ્પો પણ આવે, પણ શુદ્ધ નિર્વિકલ્પ સ્વરૂપની અપેક્ષાએ એ બધું થોથું લાગે.

જેમ મલોખું કસ વગરનું, પોલું ને થોથું હોય, તેમ ધર્મી જીવને નિજ ચૈતન્ય-તળ સિવાય બીજું બધું કસ વગરનું, પોલું ને થોથું લાગે છે; કેમ કે તેણે અંદર માલદાર—કસદાર આનંદનિધિ જ્ઞાયક તળ સ્પર્શ્યું છે. તેને, સળેલાં અનાજની જેમ, ભૂમિકા અનુસાર આવનારા દયા-દાન, વ્રત-તપ, પૂજા-ભક્તિ વગેરેના શુભભાવ કસહીન, પોલાં ને થોથાં લાગે છે. તેમાં માલ કાંઈ નથી, માલ તો અંદર મારા ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસ્વરૂપમાં છે. અહા ! આ તો ભવના અભાવની વાતો છે !

'ચૈતન્યના તળમાં પહોંચી ગયો તે ચૈતન્યની વિભૂતિમાં પહોંચી ગયો.'

દેહ, લક્ષ્મી વગેરે પરદ્રવ્યોથી તથા શુભાશુભ વિભાવોથી ભિન્ન પડી, અંતર સ્વસન્મુખ દૃષ્ટિ કરીને જે ચૈતન્યના ધ્રુવ તળમાં પહોંચી ગયો તે આત્મવસ્તુમાં રહેલી અનંત જ્ઞાન, અનંત શાન્તિ, અનંત આનંદ, અનંત વીતરાગતા આદિ અનંત ગુણ-વિભૂતિમાં પહોંચી ગયો. એ ગુણવૈભવ પાસે, શુભ-અશુભના જે રાગ આવે તે બધાં થોથાં લાગે. ભૂમિકા પ્રમાણે રાગ હોય, પણ તે થોથું લાગે, એની કિંમત ન લાગે; કિંમત—મહત્તા તો એકમાત્ર ચૈતન્યતળની જ લાગે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

# 卐 શુદ્ધાત્માની જ લગની લગાડ 卐

દેવ–શાસ્ત્ર–ગુરુનો મહિમા અપાર છે. અંતરમાં શુદ્ધાત્માનો મહિમા લાવીને ધ્યેય એનું જ રાખવું; નિરંતર એનું જ ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરવો. એ જ કરવાનું છે. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે પણ લાલપીળા ફૂલની છાયામાં તે લાલપીળો દેખાય છે. તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો (લાલપીળો) થયો નથી; તેમ ચૈતન્યપદાર્થ સ્વભાવે નિર્મળ છે પણ તેની પરિણતિમાં ક્લેશની કાલિમાને લઈને અનેક જાતના વિભાવો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો થઈ ગયો નથી, અંતરમાં દૃષ્ટિ કરે તો શુદ્ધ છે. માટે શુદ્ધાત્મા પર દૃષ્ટિ કરી, એની જ લગની, એની જ ધુન અને એનું જ દિવસ ને રાત—ક્ષણે ક્ષણે—ભેદજ્ઞાન કરવાનું કે 'આ જે વિભાવો છે તે મારો સ્વભાવ નથી, હું તેમનાથી જુદો–ન્યારો ચૈતન્યમય છું.' એની જ લગની લગાતાર લાગે તો એ નિર્વિકલ્પ તત્ત્વ—સ્વાનુભૂતિ—પ્રાપ્ત થયા વગર રહે જ નહિ.

—પૂજ્ય બહેનશ્રી *

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૩૫૦

antaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012